# આત્મધર્મ

## વર્ષ ૨૩

## સળંગ અંક ૨૭૩

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Jan 2005 | First electronic version. |

દંસણમૂલો ધમ્મો

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૭૩

## * એકત્વ જીવન *

રે જીવ!

એકલો જીવતાં શીખ. બીજા પાસેથી તારે શું લેવું છે? જીવનને આનંદિત બનાવવા માટેની સંપૂર્ણ સામગ્રી તારામાં ભરી છે. એકત્વ જીવનનું અલૌકિક સુખ છે.

આચાર્ય કુંદકુંદસ્વામીએ નિજાત્મવૈભવથી એકત્વસ્વરૂપ બતાવવા માટે સમયસાર રચ્યું છે; એવા નિજવૈભવસમ્પન્ન એકત્વસ્વરૂપને જાણીને એકત્વજીવન જીવતા શીખ....તેમાં તને ઉત્તમ આત્મસુખ થશે.

એકત્વ જીવન એ સુખી જીવન છે.

એકત્વ જીવન એ સાચું જીવન છે.

વર્ષ ૨૩: અંક ૯: વાર્ષિક લવાજમ રૂા. ચાર: વીર સંવત ૨૪૯૨, અષાઢ
તંત્રી: જગજીવન બાવચંદ દોશી    સંપાદક: બ્ર હરિલાલ જૈન, સોનગઢ

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

## આવતે અંકે



ઋષભદેવનો જીવ ( વજ્રજંઘ ) તથા શ્રેયાંસકુમારનો જીવ ( શ્રીમતી )–એ બંને મુનિવરોને આહારદાન કરે છે ને સિંહ–વાનર–ભૂંડ ને નોળિયો–એ ચારે જીવો તેનું અનુમોદન કરે છે. એનું વર્ણન આપણે આ અંકની કથામાં વાંચીશું, પછી તે છએ જીવો ભોગભૂમિમાં ઉપજ્યા છે ને ત્યાં મુનિરાજના ઉપદેશથી છએ જીવો સમ્યક્ત્વને ગ્રહણ કરે છે. તેનું ભાવભીનું જે દ્રશ્ય આ ચિત્રમાં દેખાય છે તે સંબંધી કથા આવતા અંકમાં આપણે વાંચીશું. મુનિરાજદ્વારા છએ જીવોને સમ્યક્ત્વ–પ્રાપ્તિનું દ્રશ્ય કેવું મજાનું છે! એ જોતાં આપણનેય એ લેવાનું મન થઈ જાય છે.

# મોટો મોક્ષમાર્ગી......ને નાનો મોક્ષમાર્ગી

મોક્ષમાર્ગનો મોટો ભાગ મુનિવરો પાસે છે. ગૃહસ્થ ધર્માત્મા પાસે મોક્ષમાર્ગનો નાનો ભાગ છે. ભલે નાનો ભાગ પણ તેની જાત તો મુનિરાજના મોક્ષમાર્ગ જેવી જ છે. શ્રાવકધર્મીને પણ મોક્ષમાર્ગનો અંશ હોય છે.

કોઈ કહે કે મોક્ષમાર્ગ મુનિને જ હોય ને ગૃહસ્થ–શ્રાવકને જરાપણ મોક્ષમાર્ગ ન હોય–તો તેને ખરેખર મોક્ષમાર્ગના સ્વરૂપની ખબર નથી ને શ્રાવકધર્માત્માની દશાને પણ તે ઓળખતો નથી. અવ્રતી ગૃહસ્થને પણ મોક્ષમાર્ગનો અંશ વર્તે છે–તે પણ ક્યારેક ઉપયોગને અંદરમાં એકાગ્ર કરીને નિર્વિકલ્પ સ્વાનુભવના મહા આનંદને વેદી લ્યે છે. મુનિને તો ચૈતન્યસ્વરૂપમાં ઘણી લીનતા છે. મુનિ મોટા મોક્ષમાર્ગી છે, ને ગૃહસ્થી સમ્યગ્દ્રષ્ટિ નાનો મોક્ષમાર્ગી છે–પણ મોક્ષમાર્ગ તો બંનેને છે; બંને મોક્ષના સાધક છે.

( આવતા અંકમાં પ્રગટ થનાર સુંદર પ્રવચનમાંથી )

વાર્ષિક લવાજમ રૂા ૪

દંસણ મૂલો ધમ્મો
આત્મ ધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૨ અષાઢ

તંત્રીઃ જગજીવન બાવચંદ દોશીઃ કુંડલા સંપાદકઃ બ્ર હરિલાલ જૈનઃ સોનગઢ.

# વિચાર

**પ્રશ્નઃ-** આત્માના વિચાર કેવી રીતે કરવા? (આ પ્રકારનો પ્રશ્ન ઘણા જિજ્ઞાસુઓને ઊઠે છે.)

**ઉત્તરઃ-** સંતોની પાસેથી આત્માનું સ્વરૂપ જે રીતે સાંભળ્યું ને શાસ્ત્રોમાં વાંચ્યું તે લક્ષગત કરીને તે સ્વરૂપનો અનેક પ્રકારે પરમ મહિમા લાવીને, “આવો હું જ છું” એમ નિર્ભેદભાવે પોતાનું સ્વરૂપ ચિંતવવું. વિચાર તો હજારો પ્રકારના હોય, ગમે તે પ્રકારના વિચારમાં મુમુક્ષુનું વલણ સ્વભાવની સન્મુખતા થાય એવું જ હોય. ગમે તે પડખાના વિચારવડે પણ પરથી ભિન્ન, ને પોતાના જ્ઞાનાદિ પરમ સ્વભાવમાં એકત્વ–એવા સ્વરૂપને નક્કી કરી કરીને, તેની પરમ પ્રીતિ વધારી વધારીને, પરિણામને તે સ્વભાવ તરફ વાળે, એટલે સ્વાનુભવ થાય. આ રીતે મુમુક્ષુના વિચાર સ્વાનુભવ તરફ ઝુકતા હોય છે. એટલે, ‘કેવા વિચાર કરવા?’ –તો કહે છે કે સ્વાનુભવ તરફ ઝૂકાવ થાય તેવા વિચાર કરવા. સત્ વિચારનું ફળ સ્વાનુભવ છે. (‘વિચાર’ માં એકલો રાગ–વિકલ્પ નથી પણ તે વખતે વસ્તુને લક્ષમાં લેનારું જ્ઞાન પણ કાર્ય કરે છે, ને મુમુક્ષુને તે જ્ઞાનની જ પ્રધાનતા છે, વિકલ્પની નહીં.)

# યોગસારનું અપૂર્વ મંગળ

**( સોનગઢમાં જેઠ વદ ત્રીજે ભાઈશ્રી ચીમનલાલ ઠાકરશી મોદીના નવા મકાનના વાસ્તુપ્રસંગે યોગસાર ઉપર પ્રવચનોનો પ્રારંભ થયો.....તેના અપૂર્વ માંગળિકનું ભાવભીનું પ્રવચન )**

卐

**ઉપયોગને શુદ્ધાત્મામાં જોડવો તેનું નામ યોગ; એવા શુદ્ધ ઉપયોગરૂપ ધ્યાનવડે જેઓ સિદ્ધપદ પામ્યા-તેમની પ્રતીત કરીને પોતે પણ તે માર્ગે જાય છે,-એ સિદ્ધપદના માંગળિકનો અપૂર્વ ભાવ છે.**

યોગીન્દ્રદેવ લગભગ ૧૪૦૦ વર્ષ પહેલાં આ ભરતક્ષેત્રમાં વિચરતા મહાન દિગંબર સન્ત હતા. તેમણે પરમાત્મપ્રકાશ જેવું મહા શાસ્ત્ર રચ્યું છે. આ યોગસાર પણ તેમણે રચ્યું છે. તેના પ્રારંભમાં મંગલરૂપે સિદ્ધને નમસ્કાર કરે છે–

णिम्मल झाण परिट्ठिया कम्मकलंक डहेबि।
अप्पा लद्धउ जेण परु ते परमप्प णवेवि।।१।।

**નિર્મળ ધ્યાનારૂઢ થઈ, કર્મકલંક ખપાય;**
**થયા સિદ્ધ પરમાતમા, વંદું તે જિનરાય.**

આત્માના નિર્મળધ્યાનમાં સ્થિર થઈને જેમણે કર્મકલંકને નષ્ટ કર્યા અને પરમ આત્મસ્વરૂપને પ્રાપ્ત કર્યું એવા સિદ્ધ પરમાત્માને નમસ્કાર કરીએ છીએ. આત્માના ધ્યેયરૂપ સિદ્ધપદ, તે સિદ્ધ ભગવાન જેવું આત્મસ્વરૂપ, તેને પ્રતીતમાં લઈને ધ્યાનવડે તેમાં ઉપયોગને જોડવો–તેનું નામ યોગ છે; ને તેનો આ ઉપદેશ છે. આવા યોગવડે જ કર્મકલંકનો નાશ કરીને સિદ્ધપદ પમાય છે.

બધા આત્મા સ્વભાવસત્તાથી શુદ્ધ સિદ્ધ ભગવાન જેવા છે. આવા શુદ્ધ આત્મસ્વરૂપમાં વિકારની સત્તા નથી. આવા શુદ્ધસ્વરૂપને ધ્યેયમાં લઈને ધ્યાવવું તે જ કર્મના નાશનો ને સિદ્ધ થવાનો ઉપાય છે. આવા ઉપાય વડે સિદ્ધપદને સાધતાં સાધતાં યોગીન્દુ મુનિરાજ આ શાસ્ત્ર રચે છે, ને મંગલાચરણમાં સિદ્ધને નમસ્કાર કરે છે.

સિદ્ધિનો પંથ શું ? નિર્મળ આત્માનું ધ્યાન કરવું તે; સમ્યગ્દર્શનની રીત પણ એ જ છે; આત્માના ધ્યાનવડે જ સમ્યગ્દર્શન થાય છે ને સિદ્ધિપંથની શરૂઆત થાય છે.

અતીન્દ્રિય આનંદથી ભરેલો આત્મા, તેની સન્મુખ જોતાં તેના પરમ આનંદનું વેદન થાય છે. એ સિવાય જગતના બીજા કોઈ પદાર્થમાં સુખનો અંશ પણ નથી. ભાઈ, તારું સુખ તારા અસ્તિત્વમાં છે; બીજાના અસ્તિત્વમાં તારું સુખ નથી. જ્યાં પોતાનું સુખ ભર્યું હોય ત્યાં જુએ તો સુખનો અનુભવ થાય. સર્વજ્ઞ સિદ્ધપરમાત્માને દેહાતીત પૂર્ણ આનંદ પ્રગટ થયો છે, ને બધા આત્માઓ એવા જ પૂર્ણઆનંદથી ભરપૂર છે એમ તે ભગવાને જોયું છે. આવા ભગવાનને નમસ્કાર કરવા તે મંગળ છે. તેમાં પોતાના શુદ્ધઆત્માની પ્રતીત ભેગી સમાઈ જાય છે.

સિદ્ધ ભગવાન શુદ્ધઆત્મામાં ઉપયોગને જોડીને સિદ્ધપદ પામ્યા, તેને હું નમસ્કાર કરું છું એનો અર્થ એ કે હું પણ એવા મારા શુદ્ધ આત્મામાં ઉપયોગને જોડું છું–આમ પોતાને શુદ્ધાત્માના ધ્યાનની રુચિ ને તાલાવેલી લાગી છે. સંસારથી ભયભીત થઈને મોક્ષને સાધવાની ભાવનાવાળો જીવ પોતાના ઉપયોગને શુદ્ધઆત્મસ્વરૂપમાં જોડે છે.

જુઓ, મંગલાચરણમાં કર્મના નાશનો ઉપાય પણ ભેગો બતાવ્યો, કે શુધ્ધઆત્મામાં ઉપયોગને જોડવો તે જ કર્મના નાશનો ઉપાય છે. સિદ્ધ ભગવાન આ રીતે કર્મકલંકને દગ્ધ કરીને સિદ્ધિ પામ્યા એમ પ્રતીત કરીને પોતે પણ તે માર્ગે જાય છે એટલે શુદ્ધાત્મા તરફ ઉપયોગને જોડે છે.–આનું નામ યોગ છે, તે મંગળ છે, ને તે મોક્ષનું કારણ છે.

જે સિદ્ધ થયા તે આત્મા પણ સિદ્ધ થવા પહેલાં બહિરાત્મા હતા; પછી પોતાના પરમસ્વભાવને જાણીને, રાગની ને જ્ઞાનની ભિન્નતાના ભાન વડે અંતરાત્મા થયા, ને શુદ્ધ પરમસ્વભાવનું ધ્યાન કરી કરીને પરમાત્મા થયા. એવા પરમાત્મા જેવો જ પરમ સ્વભાવ મારામાં છે એમ લક્ષમાં લઈને હું તે સિદ્ધપરમાત્માને નમસ્કાર કરું છું.

સમયસારની શરૂઆતમાં પણ 'वंदित्तुं सव्वसिद्धे' એમ માંગલિક કરીને સિદ્ધભગવંતોને નમસ્કાર કરતાં કહે છે કે અહો, આત્માના ઇષ્ટ–ધ્યેયરૂપ એવા સર્વ સિદ્ધોને હું મારા તેમજ શ્રોતાઓનાં આત્મામાં બોલાવું છું, આદર કરું છું, શ્રદ્ધામાં–જ્ઞાનમાં લઉં છું. અનંતા સિદ્ધોનો જે સમૂહ સિદ્ધનગરીમાં વસે છે, તેમને હું મારા જ્ઞાનમાં સ્થાપું છું. ઊર્ધ્વલોકની સિદ્ધનગરીમાં બિરાજમાન સિદ્ધોને પ્રતિતના બળે મારા આત્મામાં ઊતારું છું.–મારા શ્રદ્ધા–જ્ઞાનરૂપી આંગણાને ચોખ્ખાં કરીને હું સિદ્ધભગવંતોનો સત્કાર કરું છું ને એ સિવાય બીજા પરભાવોનો આદર છોડી દઉં છું; એટલે કે મારી પરિણતિને રાગથી

ભિન્ન કરીને અંતરના સિદ્ધસ્વરૂપ સાથે અભેદ કરું છું. તે અભેદપરિણતિમાં અનંતા સિદ્ધો સમાય છે.

વાહ! જુઓ, આ સિદ્ધપદના માંગળિકનો અપૂર્વ ભાવ! બધું ભૂલીને સિદ્ધને યાદ કરીએ છીએ.....સિદ્ધપદ જ અમારા જ્ઞાનમાં તરવરે છે....એ જ આદરણીય છે ને જગતમાં રાગાદિ બીજું કાંઈ મારે આદરણીય નથી. આમ રુચિને મારા શુદ્ધઆત્મા તરફ વાળીને હે સિદ્ધભગવંતો! હું મારા આત્મામાં આપને સ્થાપું છું. મારા આત્માના અસંખ્ય પ્રદેશમાં હું શ્રદ્ધા-જ્ઞાનના બંગલા બાંધું છું તેમાં આવીને હે સિદ્ધ પ્રભુ! આપ વસો! મારા જ્ઞાનમાં રાગને હું નથી વસાવતો, હું તો સિદ્ધ જેવા શુદ્ધસ્વરૂપને જ મારા જ્ઞાનમાં વસાવું છું; સિદ્ધસમાન સ્વશક્તિનો ભરોસો કરીને હું સિદ્ધોનો આદર કરું છું. આવો ભાવ પ્રગટ કરવો તે અપૂર્વ વાસ્તુ ને અપૂર્વ માંગલિક છે.

सिध्ध समान सदा पद मेरो એવા આત્મસ્વરૂપને સમ્યગ્જ્ઞાન-કળા વડે જાણતાં વેગપૂર્વક શિવમાર્ગ સધાય છે, ને શરમજનક એવા જન્મમરણ છૂટી જાય છે. ત્રણ લોકનો નાથ આ ચૈતન્યપરમેશ્વર તેને આ ચામડાના કોથળામાં (શરીરમાં) પૂરાવું તે શરમ છે. અશરીરી થવા અશરીરી સિદ્ધોને નમસ્કાર કરીએ છીએ, ને જે શુદ્ધઆત્મધ્યાનવડે તેઓ સિદ્ધ થયા તેવા શુદ્ધઆત્માનો આદર કરીને તેમને ધ્યાવીએ છીએ. એમ પ્રથમ ગાથામાં સિદ્ધોને વંદનરૂપ મંગળ કર્યું.

બીજી ગાથામાં અરિહંતોને વંદનરૂપ મંગળ કરે છે-

**घाइ चउक्कह किउ विलउ अणंत चउक्क पदिट्ठु।**
**तहिं जिणइंदहं पय णविवि अक्खमि कव्वु सुइट्ठु।।२।।**

ચાર ઘાતિયા ક્ષય કરી, લહ્યાં અનંત ચતુષ્ટ,
તે જિનવર ચરણે નમી, કહું કાવ્ય સુઈષ્ટ.

પોતાના શુદ્ધઆત્મામાં ઉપયોગને જોડીને, તે શુદ્ધોપયોગના બળે જેમણે ચાર ઘાતી કર્મોનો ક્ષય કર્યો ને કેવળજ્ઞાનાદિ ચતુષ્ટય પ્રગટ કર્યા એવા અરિહંત પરમાત્માના ચરણોમાં વંદીને આ ઈષ્ટ-કાવ્ય (યોગસાર-દોહા) રચું છું.

કેવળજ્ઞાનાદિ સહિત અરિહંત પરમાત્મા અત્યારે વિદેહક્ષેત્રમાં સાક્ષાત્ બિરાજે છે. સીમંધરાદિ ૨૦ તીર્થંકરો તથા બીજા લાખો કેવળી ભગવંતો-તે બધા અરિહંત ભગવંતોને પોતાના જ્ઞાનમાં જેણે સ્વીકાર્યા તેને સમ્યગ્દર્શન થયા વિના રહે નહિ. કુંદકુંદાચાર્યદેવ કહે છે કે-

जो जाणइ अरहंतं दव्वत्त गुणत्त पज्जयतेहि।
सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।

કુંદકુંદસ્વામીએ તો અરિહંત પરમાત્માઓને સાક્ષાત્ નજરે જોયા હતા; સમવસરણની યાત્રા કરી હતી.

અહો, અરિહંત પરમાત્મા સર્વજ્ઞ થયા છે, રાગનો અંશ પણ એને રહ્યો નથી,–હું પણ આવા અરિહંતોની જાતનો છું, મારો સ્વભાવ પણ એના જેવો જ છે;–એમ સ્વભાવની પ્રતીત કરતાં સાધકપણું ખીલે છે. સાધક કહે છે કે હું સિદ્ધપ્રભુનો નાતીલો છું. પ્રભો ! આપની ને મારી જાત એક સરખી છે. હું પણ આપના જેવા મારા સ્વરૂપનો અનુભવ કરતો કરતો થોડા જ કાળમાં આપની પાસે આવવાનો છું.–જુઓ આ અરિહંતોને અને સિદ્ધોને વંદન કરવાની રીત.

ભગવાન જેવી જ જાતનો મારો સ્વભાવ સ્વીકારીને હું ભગવાનને નમસ્કાર કરું છું. 'હું' કેવો ? કે જ્ઞાનદર્શનસ્વભાવમય હું છું. ભગવાનની જાતથી પોતાની જાતને જુદી રાખીને સાચા નમસ્કાર થાય નહિ. જેવા ભગવાન તેવો હું–એવી પ્રતીતપૂર્વક સ્વસન્મુખ પરિણતિ પ્રગટે તે પરમાર્થ નમસ્કાર છે. આવા નમસ્કારવડે સાધક પોતાની પર્યાયમાં અર્હંતપદ અને સિદ્ધપદનો લાભ મેળવે છે. આનું નામ 'લાભ સવાયા!' આત્મા કેવળજ્ઞાન અને સિદ્ધપદને પામે એના જેવો મહાન લાભ બીજો ક્યો ?

આ રીતે સિદ્ધને અને અરિહંતને નમસ્કારરૂપ મંગળ કરીને હવે કહે છે કે આ ભવભ્રમણથી જે ભયભીત થઈને આત્માની મુક્તિને ચાહે છે એવા જીવોને માટે આ શાસ્ત્ર રચાય છેઃ–

संसारहं भयभीयहँ मोक्खहँ लालसियाहं।
अप्पा संबोहणकयइ कय दोहा एक्कमणाहँ।।३।।
ઇચ્છે છે નિજ મુક્તતા, ભવભયથી ડરી ચિત્ત,
તે ભવિ જીવ સંબોધવા દોહા રચ્યા એકચિત્ત. (૩)

જેના ચિત્તમાં ભવદુઃખનો ભય હોય ને મોક્ષસુખની અભિલાષા હોય એવા આત્માને સંબોધવા માટે એકાગ્રચિત્તથી આ દોહા રચાયા છે. જુઓ, મોક્ષના અર્થી જીવોને માટે આ ઉપદેશ છે. જેને રાગની ને પુણ્યની ઈચ્છા હોય, જેને સ્વર્ગના વૈભવની તૃષ્ણા હોય ને તેમાં સુખ લાગતું હોય તે જીવને શુદ્ધાત્માના ધ્યાનનો આ ઉપદેશ રુચિકર નહિ લાગે. પણ જે જીવને આત્માના અનાકુળ સુખની જ લગની છે, રાગની–પુણ્યની –સંયોગની રુચિ નથી, ચારે ગતિના દુઃખથી જે ભયભીત છે, તડકામાં પડેલું માછલું–જેમ પાણી માટે તરફડે તેમ ચાર ગતિના દુઃખથી ત્રાસીને

જે જીવ ચૈતન્યની પરમ શાંતિને માટે તરફડે છે, તેના સિવાય બીજું કાંઈ જેને જોઈતું નથી,–એવા મોક્ષાભિલાષી ભવ્ય જીવને માટે આ યોગસારના ૧૦૮ દોહરા રચાય છે. પોતાના આત્માને સંબોધવાની મુખ્યતા સહિત ભવ્ય જીવોને માટે આ દોહરા રચાય છે.

અરે, આ સંસારમાં ચારે ગતિમાં ક્યાંય સુખનો છાંટોયે નથી, સુખ તો અંતરના સ્વભાવમાં છે, તે સ્વભાવના અભિલાષીને સંસારની જેલમાં ક્યાંય ચેન ન પડે, ત્રાસ લાગે; જેમ કોઈને બે દિવસ પછી ફાંસી દેવાનું નક્કી થયું હોય તો તે માણસ ભયભીત વર્તે છે ને બધેથી તેનો રસ ઊડી જાય છે; તેમ આત્માના સુખના અભિલાષી મોક્ષાર્થી જીવને ચારે ગતિના અવતાર ત્રાસરૂપ લાગે છે, જગત આખામાંથી રસ ઊડી ગયો છે, પુણ્યનો રસ ઊડી ગયો છે ને એક આત્મસુખની જ તાલાવેલી લાગી છે.–એવા જીવને આત્માનું સ્વરૂપ સમજાવવા માટે આ ઉપદેશ છે.

## 卐 ભાવના 卐

શ્રી હર્ષદાબેન જૈન ( સ. નં. ૨૦૨ ) પાલનપુર તરફથી આવેલ કાવ્ય ઉચિત ફેરફાર સહિત અહીં આપ્યું છે. બાળકોના હૃદયમાં કેવી ઉચ્ચ ભાવનાના સંસ્કારો રેડાય છે તે આ કાવ્યમાં દેખાય છે. )

મારે નથી પ્રિય કરવા સાંસારિક કાર્યો.....
મારે હવે પ્રિય કરવા છે શુદ્ધ ભાવો......

અનંત ભવના અજ્ઞાન મોહાદિ આવરણો હટાવવા,
સમકિત–જ્ઞાન–ચારિત્રાદિ નિજભાવને પામવા......મારે૦ ( ૧ )
જિન પ્રરૂપિત પરમાર્થ માર્ગ આરાધવા,
રત્નત્રય સહિત મુનિમાર્ગમાં વિચરવા......મારે૦ ( ૨ )
અખંડ ઉજ્વલ આત્મજ્યોતિ પ્રગટાવવા,
મુજ જીવનમાં આત્મધૂન જગાવવા......મારે૦ ( ૩ )
એક ધ્યાને નિજાત્મભાવમાં લીન રહેવા,
એક ઉપયોગે શુદ્ધભાવમાં લીન રહેવા......મારે૦ ( ૪ )
સત્પુરુષ શરણે સમ્યક્ રત્નત્રય પામવા,
તીર્થંકર સમીપ કેવલજ્ઞાન સહિત વિચરવા......મારે૦ ( ૫ )




*** લેખાંક : ૧૨ મો ***

આ વખતે ‘તત્ત્વચર્ચા’ ના આ વિભાગમાં પૂ. ગુરુદેવ પાસે થયેલ રાત્રિચર્ચાનો સાર આપીએ છીએ.

(૧૧૧) એકરૂપ અભેદ આત્મવસ્તુ નિરપેક્ષ છે અને તેની રુચિ કરવી તે પણ પરથી ને રાગથી નિરપેક્ષ છે.

(૧૧૨) પોતાના એકરૂપ પરમ સ્વભાવનું લક્ષ અને રુચિ કરવી તે જ સાર છે, બાકી બધું તો સમજવા જેવું–એટલે કે અસાર છે.

(૧૧૩) પોતાની એકરૂપ વસ્તુનું લક્ષ કરતાં આનંદ પ્રગટે. આ દ્રવ્ય ને આ ગુણ, અથવા આ દ્રવ્ય ને આ પર્યાય એવા ભેદ જ્યાં નથી, દ્રવ્ય–ગુણ–પર્યાયથી અભેદ વસ્તુની અનુભૂતિ છે; તેમાં અતીન્દ્રિયઆનંદ પણ ભેગો જ છે. ભેદના લક્ષમાં તે આનંદ પ્રગટે નહિ.

(૧૧૪) સર્વજ્ઞસ્વભાવથી ભરેલો જે અખંડ આત્મસ્વભાવ, તેની જેને રુચિ થઈ તેને કેવળજ્ઞાન થવાનું જ છે.

(૧૧૫) જ્યાં સ્વભાવની રુચિ થઈ ત્યાં પરિણતિ તે તરફ પરિણમવા લાગી એટલે સર્વજ્ઞતાનું સાધકપણું શરૂ થયું ને અલ્પકાળે સર્વજ્ઞતા થશે.

(૧૧૬) વિકલ્પ વિનાની અભેદ વસ્તુ દ્રષ્ટિમાં આવે તો જ શ્રદ્ધા સાચી હોય. વિકલ્પ ઉપર દ્રષ્ટિ (રુચિ) હોય તો શુદ્ધાત્માની શ્રદ્ધા સાચી ન હોય.

(૧૧૭) વીતરાગ માર્ગનો આ અબાધિત સિદ્ધાંત છે કે કલ્યાણ ને મોક્ષમાર્ગ આત્મસ્વભાવના આશ્રયે જ થાય, બીજા કોઈના આશ્રયે ન થાય.

(૧૧૮) સ્વાનુભૂતિના જોરથી સાધક કહે છે કે હે સિદ્ધપરમાત્મા! જેવો આનંદ તમારો

છે, તેવો જ મારો આનંદ છે. જેવું આપનું સ્વરૂપ છે તેવું જ મારું સ્વરૂપ છે. સ્વભાવના સામર્થ્યમાં આપનામાં ને મારામાં રંચમાત્ર ફેર નથી. આવા નિજસ્વભાવની પ્રતીતના બળથી, જેવું પરમાત્મસ્વરૂપ આપે પ્રગટ કર્યું છે તેવું જ હું પણ પ્રગટ કરવાનો છું. અને જે જીવો આવા પરમાત્મસ્વરૂપની પ્રીતિ અને પ્રતીત કરશે તેઓ પણ જરૂર પરમાત્મા બની જશે. એવા કોલકરાર છે. (સભાજનોએ હર્ષપૂર્વક આ વાતને વધાવી લીધી.)

(૧૧૯) હે ભાઈ! આત્મહિત સાધવાનો આ ઉત્તમ અવસર છે. માટે સાવધાન થઈને આત્મહિતમાં તત્પર થા. (૧) ઘડપણ આવ્યા પહેલાં, (૨)-ઈન્દ્રિયોની શક્તિ શિથિલ થયા પહેલાં તથા (૩) રોગાદિ પ્રતિકૂળતા આવ્યા પહેલાં આત્મકલ્યાણ કરી લેવા જેવું છે.

(૧૨૦) જેને આત્માના જ્ઞાનસ્વભાવનો નિર્ણય થયો, તેને મોક્ષતત્ત્વનો નિર્ણય થયો, અને તેને રાગની ને પરની પૃથકતાનું ભાન થયું એટલે તેનો તે કર્તા ન રહ્યો, રાગમાંથી ને પરમાંથી તેનું કર્તૃત્વ ઊડી ગયું, જ્ઞાનભાવરૂપ પરિણમન રહ્યું. એટલે તેમાં મોક્ષમાર્ગનો વીતરાગી પુરુષાર્થ આવી ગયો. આ રીતે જ્ઞાનસ્વભાવના નિર્ણયમાં મોક્ષમાર્ગ આવે છે, ને જ્ઞાનસ્વભાવના નિર્ણય વગર કદી મોક્ષમાર્ગ થતો નથી. માટે સર્વ ઉદ્યમથી વારંવાર અભ્યાસવડે જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો, અનુભવ કરવો. (સ્વસન્મુખ થઈને સ્વાનુભવ સહિતનો નિર્ણય તે જ સમ્યક્ નિર્ણય છે.)

(સભ્ય નં. ૫૫૦ પાસેથી મળેલ ચર્ચાના આધારે.)

* * * * *

## હે સાધક!

મોક્ષને સાધવા માટે જગતનો સંગ છોડી અંતરની એકત્વ ભાવનાવડે એકલો એકલો મોક્ષને સાધજે. એકલો ન રહી શકાય તો ધર્માત્માના સંગમાં રહેજે, પણ બીજાનો સંગ કરીશ નહિ.

# સર્વ ઉપદેશનો ટૂંકો સાર

जीव जुदा पुद्गल जुदा, यही तत्त्वका सार; अन्य कछू व्याख्यान जो, याहीका विस्तार।।

## (સ્વતત્ત્વને પ્રમેય કરવાની પ્રેરણા)

**પૂજ્યપાદ સ્વામી ઇષ્ટોપદેશની ૫૦મી ગાથામાં સર્વ શાસ્ત્રનું ટૂંકુ રહસ્ય બતાવતાં કહે છે કે -જીવ અને પુદ્ગલની ભિન્નતા જાણીને સ્વતત્ત્વનું ગ્રહણ કરવું તે જ સર્વ તત્ત્વનો સાર છે, ને બીજો જે કાંઈ ઉપદેશ છે તે બધો આનો જ વિસ્તાર છે. જીવ-પુદ્ગળને ભિન્ન જાણીને સ્વતત્ત્વને કઈ રીતે પ્રમેય કરવું ને સ્વતત્ત્વને પ્રમેય કરતાં અંતરમાં શું થાય? તેનું બહુ સરસ વર્ણન ગુરુદેવે આ પ્રવચનમાં કર્યું છે. (જેઠ સુદ પૂર્ણિમાએ) શેઠશ્રી ચીમનલાલ હિંમતલાલના મકાનના વાસ્તુ-પ્રસંગનું આ પ્રવચન છે.**

***

જીવ–પુદ્ગલની ભિન્નતા જાણીને, રાગાદિથી પાર એવા શુદ્ધ આત્માને અનુભવમાં લેવો તે જ સર્વ શાસ્ત્રોનો સાર છે, જ્ઞાન–સ્વભાવી આત્મામાં પ્રમેયત્વસ્વભાવ પણ છે એટલે જ્ઞાનને અંતર્મુખ કરતાં તે પ્રમેય થાય છે.

કોઈ પૂછે કે આત્મા જણાય?

તો કહે છે કે–હા;

કેમકે આત્મામાં પ્રમેય થવાનો એટલે કે જ્ઞાનમાં તે જણાય તેવો સ્વભાવ છે; ને જાણવાનો પણ પોતાનો સ્વભાવ છે. આ રીતે આત્મા પોતે પોતાને જાણી શકે છે.

આત્માનું સત્પણું–સત્યપણું દેહાદિથી ભિન્ન છે, રાગાદિથી પણ સત્સ્વભાવ જુદો

છે; જ્ઞાયકભાવ જેમાં આનંદ છે એવો આત્મા છે. તેમાં તેના અનંતગુણો સમાય છે. આવો ગુણવાન આત્મા તેમાં ઉપયોગને એકાગ્ર કરીને વસવું તે સ્વઘરમાં વાસ્તુ છે; અનંત ગુણમય જે ભૂતાર્થસ્વભાવ તે આત્માનું સ્વ-ઘર છે. સ્વને પ્રમેય બનાવીને આત્મા સ્વઘરમાં કદી આવ્યો નહિ, બહારમાં જોયા કર્યું છે.

ભાઈ, તું શરીરને જોવા મથે છે–પણ તેનાથી તો તું જાુદો છે. બહારના પદાર્થોને જોવા માટે અનંતકાળથી મથે છે, પણ બહારના પદાર્થોથી જાુદો અંદરમાં તું પોતે કોણ છો–તે જોવા માટે કદી મથ્યો? તારા સ્વજ્ઞેયને તું જાણ.....તો તને આખા ભગવાન આત્માનો નિર્ણય અને ગ્રહણ થશે. તારા જ્ઞાનમાં આખોય ભગવાન આત્મા આવી જશે. આમાં સર્વ શાસ્ત્રનો સાર આવી જાય છે.

દેહથી ભિન્ન, ને રાગથી ભિન્ન એવું કોઈ ચૈતન્યસ્વરૂપ તારામાં છે, તેને તું જો. આવા સ્વજ્ઞેયને જાણ્યા વગર તને સમ્યગ્જ્ઞાન થશે નહિ. પુદ્ગલ ભિન્ન, રાગાદિ પણ ભિન્ન, બાકી રહેલો અનંત ગુણસંપન્ન ચૈતન્ય તે હું–એમ નિર્ણય થતાં, પરથી જાુદો તારવીને ચૈતન્યનું ગ્રહણ થાય છે. આવું ચૈતન્યઘર તે તારું ઘર! બીજા પુદ્ગલના ઘર તે તારા ઘર નહિ. આમ સ્વઘરને જાણીને તેમાં વસ! એમ સ્વઘર બતાવીને સંતો તેમાં વાસ્તુ કરાવે છે.

આત્મા અને તેના અનંતા ગુણો–એ બધાય અંતર્મુખ ઉપયોગવડે જ્ઞાનમાં પ્રમેય થાય તેવા છે. છતાં એમ કહેવું કે 'મારો આત્મા મને ન જણાય'–તો તેમાં પ્રમેયસ્વભાવી આત્માનો ને તેના અનંતગુણોનો નિષેધ થાય છે.

ભાઈ, સંતો તને તારો આત્મા પરથી નીરાળો કરીને બતાવે છે કે આવો તારો આત્મા છે! તો તેને સ્વ-પરની વહેંચણી વડે જાુદો જાણીને લક્ષમાં લે. તે તારા સ્વસંવેદનમાં જણાશે.

સ્વ-પરની ભિન્નતાને જે જાણે તેનું લક્ષ આત્મા ઉપર જાય. જેમ કાચના કટકા વચ્ચે કિંમતી હીરો પડયો હોય, ને કોઈ ભિન્ન ભિન્ન વહેંચણી કરીને બતાવે કે આ બધા કાચના કટકા, ને આ હીરો, –તો તે બંનેની જાુદાઈ જાણનારનું લક્ષ કઈ તરફ ઝુકશે? કાચ તરફ કે હીરા તરફ?–તેનું વલણ હીરાના ગ્રહણ તરફ જ ઝુકશે ને કાચના કટકા તરફથી તેનું વલણ હટી જશે.

તેમ કાચના કટકા જેવા જડ દેહ ને રાગાદિ ભાવો, તેમની વચ્ચે આ ચૈતન્યહીરો પડયો છે. સંતો વહેંચણી કરીને બતાવે છે કે આ દેહાદિ જડ-પુદ્ગલો ને આ રાગાદિ

પરભાવો–તે ચીજ તું નહિ, તે બધાથી જુદા લક્ષણવાળો ચૈતન્યપ્રકાશે ચમકતો આ ચૈતન્યહીરો તે તું;–આમ બંનેની ભિન્નતા જાણતાં જાણનારનું વલણ કોના ગ્રહણ તરફ ઝુકશે? શું તેનું વલણ રાગના કે દેહના ગ્રહણ તરફ ઝુકશે? કે ચૈતન્યરત્નના ગ્રહણ તરફ ઝુકશે? તેનું વલણ પુદ્ગલ અને રાગ તરફથી પાછું હટીને પોતાના અચિંત્ય ચૈતન્યરત્નના ગ્રહણ તરફ ઝુકશે.–આ રીતે સ્વસંવેદનથી જ્ઞાની સ્વતત્ત્વને ગ્રહણ કરે છે.

આવું ગ્રહણ કરીને આત્માને સ્વજ્ઞેય બનાવતાં તેમાં અતીન્દ્રિય આનંદ, પ્રભુતા, સર્વજ્ઞતા વગેરે સ્વભાવનું પણ ગ્રહણ થાય છે, તે પણ ભેગા સ્વજ્ઞેયપણે જણાય છે. ને ત્યાં રાગાદિ ભાવો પોતામાં અભૂતાર્થપણે જણાય છે. (આ રીતે ववहारो अभूयत्थो છે; તે વ્યવહાર તે કાળે જાણવામાં આવે છે પણ જ્ઞાની સ્વજ્ઞેયમાં તેનું ગ્રહણ કરતા નથી. સ્વ–જ્ઞેયપણે તો શુદ્ધઆત્માને જ રાખે છે, ને વિભાવોને સ્વજ્ઞેયથી બહાર રાખે છે.)

દેહાદિથી ભિન્ન ને રાગાદિથી ભિન્ન એવી ચૈતન્યવસ્તુને જ્યાં સ્વજ્ઞેય બનાવી ત્યાં તેના અનંતા ગુણો પોતપોતાના સ્વકાર્ય સહિત જ્ઞાનમાં જણાઈ જાય છે. ભૂતાર્થસ્વભાવની દ્રષ્ટિમાં આત્માના સમસ્ત ધર્મો સ્વસંવેદનમાં વ્યક્ત થાય છે. અહા, આવું મહાન સ્વજ્ઞેય! તેને ભૂલીને આત્મા પરજ્ઞેયને જાણવામાં ભટકે છે. ભાઈ, તારાથી જે પદાર્થો જુદા–તેની જ સામે જોવાથી તને શું લાભ છે? અનંતગુણનો ભંડાર જેમાં ભર્યો છે એવા તારામાં તું જો ને! તારા આત્માને સ્વજ્ઞેયપણે જાણીને તેમાં તન્મય થતાં તારામાં વસેલા અનંતા ગુણો તને પ્રમેયપણે જણાશે ને તે બધા ગુણોનું નિર્મળ કાર્ય પ્રગટ થશે. સ્વજ્ઞેયમાં અતીન્દ્રિય આનંદ ભેગો આવશે, શ્રદ્ધા ભેગી આવશે, પ્રભુતા ભેગી આવશે, વિભુતાનો વૈભવ ભેગો આવશે, પરના કારણ–કાર્ય વગરનું અકારણ–કાર્યપણું ભેગું આવશે;–આમ સંપૂર્ણરૂપે ભગવાન આત્માનું ગ્રહણ થશે.

અરે વીર! અરે ધીર!! ધીરો થઈને, શાંતભાવે અંતરમાં તારા આત્માને જો. ધી એટલે બુદ્ધિ–જ્ઞાન, તેને અંતરમાં જે પ્રેરે તે ધીર છે. બુદ્ધિને બહારમાં જ ભમાવ્યા કરે ને સ્વજ્ઞેયને જાણવામાં ન લઈ જાય તો તે બુદ્ધિને ખરેખર બુદ્ધિ કહેતા નથી પણ કુબુદ્ધિ કહે છે. સુબુદ્ધિ તો તેને કહેવાય કે જે અંતરમાં સ્વ–પરને ભિન્ન કરીને, પોતાના આત્માને જ્ઞાનમાં ગ્રહણ કરે.

જ્ઞાની સંપૂર્ણ આત્માને સ્વજ્ઞેયમાં ગ્રહણ કરે છે, અને પરના અંશમાત્રને ગ્રહણ કરતા નથી. સ્વજ્ઞેયને પૂરું ગ્રહણ કરે છે ને પરજ્ઞેયને અંશમાત્ર પોતામાં ગ્રહણ કરતા નથી. આમ ભેદજ્ઞાનવડે સ્વનું ગ્રહણ તે સર્વ શાસ્ત્રોનો સાર છે. સંતોએ વિસ્તાર કરીને જે સમજાવ્યું તે બધો આનો જ વિસ્તાર છે. બે તત્ત્વો જુદા કહેતાં બંનેનાં કાર્યો પણ જુદાં જ

છે એ વાત તેમાં આવી જાય છે.

આત્મા ન જણાય–તો શું આત્મામાં પ્રમેયસ્વભાવ નથી? પ્રમેયસ્વભાવી આત્મા પોતે પોતાને સ્વસંવેદનજ્ઞાનથી સાક્ષાત્ જાણે છે. પુદ્ગલથી આત્મા ભિન્ન છે એ વાતને પુદ્ગલ ભલે ન જાણે, પણ તું તે જાણીને તારા ચૈતન્યસ્વરૂપ આત્મા તરફ વળ....ને તે સ્વઘરમાં તું વસ. આવો આત્મા, જ્યાં સ્વજ્ઞેયપણે લક્ષમાં લીધો ત્યાં સંપૂર્ણપણે (એટલે કે આનંદ પ્રતીત–વગેરે સર્વ ગુણો સહિત) આત્માનું ગ્રહણ થયું. આ સર્વજ્ઞસ્વભાવી આત્મા છે તેને સ્વજ્ઞેય બનાવતાં હવે સર્વજ્ઞતા જ થશે–એ બાબતમાં જ્ઞાની નિઃશંક છે. અનંતગુણસહિત આત્માનું જે સંપૂર્ણ રૂપ તેને જ્ઞાનીએ ગ્રહણ કર્યું ત્યાં પોતાનો અને બધા આત્માનો સર્વજ્ઞસ્વભાવ તેને શ્રદ્ધામાં–જ્ઞાનમાં આવી ગયો; તેનું જ્ઞાન સર્વજ્ઞતા તરફ દોડવા લાગ્યું....અલ્પકાળમાં હવે સર્વજ્ઞતા ખીલી જશે. પરના આધાર વગર પ્રભુતા પ્રગટે, સ્વાધીનપણે સર્વજ્ઞતા પ્રગટે–આવો સ્વભાવ તું પ્રતીતમાં લે તો તેમાં સર્વ શાસ્ત્રનો સાર સમાઈ જાય છે. અહો, જે જ્ઞાને અંતરમાં વળીને આત્માને સ્વજ્ઞેય બનાવ્યો તેણે અનંતગુણના કાર્ય સહિત સંપૂર્ણ આત્માનું ગ્રહણ કર્યું. તેની પરિણતિ ધારાવાહીપણે કેવળજ્ઞાન તરફ ચાલી.

ટૂંકામાં, સ્વ–પરની ભિન્નતા જાણીને સ્વદ્રવ્યનું ગ્રહણ કરવું તે સર્વતત્ત્વનો સાર છે. પછી વિસ્તારથી સમજવાની રુચિવાળા જીવોને માટે જે કાંઈ વિશેષ વ્યાખ્યાન છે તે બધો આનો જ વિસ્તાર છે. ને તે પણ પ્રશંસનીય છે. –આ રીતે જીવ–પુદ્ગલનું ભેદજ્ઞાન કરીને તારામાં તન્મય થઈને તું તને જાણ–તે સર્વ તત્ત્વનો સાર છે.

卐

* આ પ્રવચન ઉપરથી બનાવેલ કાવ્ય સામેના પાના પર વાંચો.

## ઝડપ

**સંસારમાં ક્ષણે ને પળે બની રહેલા અનિત્યતાના ઝડપી બનાવો આપણને ઢંઢોળે છે કે અરે જીવ! જેટલી ઝડપથી કાળ વીતી રહ્યો છે તેના કરતાં વધુ ઝડપથી તું તારું આત્મહિત સાધી લે. સમયની રાહ જોઈને અટક નહીં.**

# મને આનંદ આવે નિજ-ઘર

# હવે ગમે નહીં પર ઘર

જેઠ સુદ પૂર્ણિમાએ શેઠશ્રી ચીમનભાઈના મકાનના વાસ્તુપ્રસંગે થયેલ પૂ. ગુરુદેવનું સુંદર પ્રવચન-જે આ અંકમાં છપાયેલ છે તેના અનુસંધાનમાં અમારા બાલવિભાગના સભ્ય નં. ૨૬૩ ( ચેતનકુમાર જૈને ) બનાવેલ કાવ્ય સુધારીને અહીં આપવામાં આવ્યું છે.–પરઘરમાં ભટકતા જીવને સ્વઘરમાં આવવાનો સાદ પાડતું આ કાવ્ય સૌને ગમશે. –સં

હવે સમજાય મહિમા સ્વ–ઘર, મારે નથી રહેવું પર ઘર,
સાદ આવે નિજ–ઘર તણો, મને નહીં શોભે પર ઘર;
મને આનંદ આવે નિજ ઘર....હવે ગમે નહીં પર ઘર. (૧)
કાળ અનાદિથી પરની પ્રીત કીધી, સ્વભાવની પ્રીતિ છોડી દીધી,
સદ્ગુરુ કહે પર ઘર તું છોડ, તને નહીં શોભે પર ઘર.
સંતો બોલાવે આવ તું ઘેર, તને નહીં ગમે પર ઘર...હવે૦ (૨)
પ્રભો, પરમાં રહી તું દુઃખી થયો, સ્વનું લક્ષ તેમાં તું ચૂકી ગયો,
સાદ પાડી કહે વારંવાર, તને નહીં શોભે પર ઘર;
સ્વને પરથી ભિન્ન તું જાણ, તને નહીં ગમે પર ઘર...હવે૦ (૩)
દેખાય અશુદ્ધતા પર્યાયમહીં, તે નિજઘરમાં કદી શોભે નહીં;
જરા યાદ કર કુંદકુંદ–વચન, તને નહીં શોભે પર ઘર;
પ્રભો, પ્રભુતાની હા તો પાડ! તને નહીં ગમે પર ઘર...હવે૦ (૪)
સુખની શોધમાં ભટકી થાકી ગયો, રાગ દ્વેષની જાળમાં અટવાઈ ગયો,
સંતો પોકારે આવ તું ઘેર, તને નહીં શોભે પર ઘર;
તું પુદ્ગલાદિથી ભિન્નતા જાણ, તને નહીં ગમે પર ઘર...હવે૦ (૫)
પ્રભો, પર ઘરની વાતો સાંભળ્યે રાખી, નિજઘરની વાત ન ઉરમાં લીધી,
નિજ ઘરની તું વાત સાંભળ, તને નહીં શોભે પર ઘર;
પ્રભો! એક વાર હા તો પાડ, તને નહીં ગમે પર ઘર...હવે૦ (૬)

પ્રભો! પરની આશા રાખી દુઃખી થયો, તું પરને સહારે અંધ બન્યો,
અંધ એવો બન્યો શું કહું? જાણનારને જોઈ ના શક્યો;
પ્રભો! સ્વ ભણી નજરું તો માંડ, તને નહીં શોભે પર ઘર.....હવે૦ (૭)
પ્રભો! ચિરકાલથી પરમાં વાસા કીધા, હવે નિજઘરમાં આવી કર તું વાસ્તા,
નિજને નિજ, પરને પર જાણ, તને નહીં શોભે પર–ઘર.
એકવાર ચૈતન્ય મંથન કર, તને નહીં ગમે પર ઘર....હવે૦ (૮)
પરથી ભિન્ન જાણવાની ન દરકાર કીધી, વસ્તુમાં વસવાની વાત ન લક્ષમાં લીધી;
અનંત ગુણ વસ્તુને સ્વઘર જાણ, તને નહીં શોભે પર ઘર;
ધીરો થઈ, ધીર! સ્વરૂપ વિચાર, તને નહીં ગમે પર ઘર....હવે૦ (૯)
પ્રભો! અનંતકાળે નરભવ મળ્યો, ભવના અભાવ માટે અવસર મળ્યો,
એમ સમજી આવ નિજ ઘર, તને નહીં શોભે પર ઘર;
ભવનો અંત એકવાર તું લાવ, 'ચેતન' શોભે નહીં પર ઘર;
મને આનંદ આવે નિજઘર, હવે નહીં ગમે પર ઘર....હવે૦ (૧૦)

****************

## ક્યાંય ન ગમે તો...

હે જીવ! તને ક્યાંય ન ગમતું હોય તો બધેથી તારો ઉપયોગ પલટાવી નાંખ.....ને આત્મામાં ગમાડ! આત્મામાં આનંદ ભર્યો છે એટલે ત્યાં જરૂર ગમશે....માટે આત્મામાં ગમાડ. આત્માર્થીને જગતમાં ક્યાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે, માટે તું આત્મામાં ગમાડ.

(રત્નગ્રહમાંથી)

# વિ વિ ધ વ ચ ના મૃ ત

( આત્મધર્મનો ચાલુ વિભાગઃ લેખાંકઃ ૧૯ )

**( ૨૫૧ ) પૂર્ણતાના માર્ગનો પ્રારંભ**

પોતામાં પૂર્ણતાની પ્રતીત વગર પૂર્ણતાની પ્રાપ્તિ થઈ શકે નહિ. પૂર્ણતા એટલે મુક્તિ; તે પૂર્ણતાના માર્ગનો પ્રારંભ પૂર્ણસ્વભાવની પ્રતીત વડે થાય છે.

**( ૨૫૨ ) જૈનમાર્ગ એટલે વીતરાગભાવ**

જૈનમાર્ગ વીતરાગભાવ–સ્વરૂપ છે.
વીતરાગતા તે મોક્ષમાર્ગ છે.
વીતરાગભાવમાં રાગને સ્થાન નથી,–પછી ભલે તે રાગ વીતરાગ ઉપરનો હોય!
રાગ તે રાગ છે, વીતરાગતા તે વીતરાગતા છે.
રાગ તે વીતરાગતા નથી, વીતરાગતા તે રાગ નથી.
રાગને ધર્મ માને તે વીતરાગીધર્મને સાધી શકે નહિ.

卐

**( ૨૫૩ ) આત્માનો ચમત્કાર**

આત્મા ‘જ્ઞાયક’ છે.
જ્ઞાયકપણું–સ્વપર પ્રકાશકશક્તિ તે ચૈતન્યનો ચમત્કાર છે.
જ્ઞાન તે આત્માનો અસાધારણ ગુણ છે. આત્માની જ્ઞાનશક્તિ પોતાથી જ છે.
જ્ઞેયોને આધારે જ્ઞાન નથી, ઇન્દ્રિયોવડે જ્ઞાન નથી.
વિકલ્પોવડે જ્ઞાન નથી, જ્ઞાન જ્ઞાનથી જ છે.
આત્માના સ્વઆધારે જ જ્ઞાન છે.
આવા જ્ઞાનસ્વરૂપની ઉપાસના તે જ મોક્ષનો માર્ગ.

卐

**( ૨૫૪ ) સાચું જ્ઞાન; ને આત્મપ્રેમ**

અગિયાર અંગ અને નવપૂર્વ જાણવા છતાં અજ્ઞાની જે આત્મસ્વભાવને ન જાણી શક્યો, તે આત્મસ્વભાવને જ્ઞાનીએ તીવ્ર આત્મપ્રીતિના બળે સ્વાનુભૂતિવડે એક ક્ષણમાં જાણી લીધો. તો એ આત્મપ્રીતિ અને એ સ્વાનુભૂતિજ્ઞાન કેવાં,–કે અગિયાર અંગના જ્ઞાને જે કામ ન કર્યું તે કામ તેણે એકક્ષણમાં કરી લીધું!

**( ૨૨૫ ) સાચું શરણ**

જીવનું શરણ કોણ ?
જીવનું શરણ શુધ્ધોપયોગ છે.
જીવને ત્રાસ કોનો ?
જીવને ત્રાસ પરભાવનો.

**( ૨૫૬ ) પુણ્ય....પાપ....અને જડ**

પૈસાથી ધર્મ નથી; પૈસાથી પુણ્ય નથી; પૈસાથી પાપ નથી.
દેહથી ધર્મ નથી; દેહથી પુણ્ય નથી; દેહથી પાપ નથી.
શુદ્ધભાવથી ધર્મ છે; શુભભાવથી પુણ્ય છે; અશુભભાવથી પાપ છે.
ને પૈસા–દેહ વગેરે તો જડ છે.

**( ૨૫૭ ) સ્વાનુભૂતિ માટેનું ઉપયોગી જ્ઞાન**

બહારના પદાર્થોનું જ્ઞાન આત્માની સ્વાનુભૂતિ માટે કાર્યકારી થઈ શકતું નથી.
આત્માનો રંગ લગાડીને જ્ઞાન આત્મા તરફ વળે ત્યારે જ સ્વાનુભૂતિ થાય છે.

**( ૨૫૮ ) આત્મા સ્વાધીનતાથી જ સધાય**

મારા સ્વભાવગુણ મને બીજા કોઈ આપે કે તે પ્રગટ કરવા બીજો કોઈ મદદ કરે, તથા તેની પ્રાપ્તિમાં બીજો કોઈ મને વિઘ્ન કરે–એવી માન્યતા તે પરાધીનતા છે; પરાધીનતા વડે આત્માને કદી સાધી શકાય નહિ.

મારા સ્વભાવગુણ મારામાં જ છે ને તે પ્રગટ કરવા હું સ્વતંત્ર છું–એવી સ્વાધીન બુદ્ધિ વડે આત્માને સાધી શકાય છે.

**( ૨૫૯ ) ગરમીથી બચવા સમુદ્રમાં ડૂબકી**

અંતર્‌સ્વરૂપમાં ચૈતન્યરસથી ભરપૂર કેવળજ્ઞાન–સમુદ્ર આનંદતરંગોથી હિલોળા મારે છે.....આત્મપ્રીતિવડે તેમાં ડૂબકી મારીને લીન થા–તો સંસારના તારા બધા આતાપ શમી જશે ને તને મોક્ષની પરમ શીતળ શાંતિ અનુભવાશે.


**( ૨૬૦ ) જડ, પુણ્ય, ને જ્ઞાન**

પુણ્યથી ધર્મ થાય નહિ.
આત્મા જડનાં કારણ કરી શકે નહિ,
જડથી ભિન્ન ને પુણ્યથી પાર એવું જે જ્ઞાન, તે આત્માનું ખરું કાર્ય છે ને તેમાં આત્માનો ધર્મ છે.

***

**મગ્ન નગ્ન ને ભગ્ન**

ચૈતન્યમાં મગ્ન તે સાચા નગ્ન,
બાકી બધા મોક્ષમાર્ગથી ભગ્ન.



## પરમ શાંતિદાતારી

# અધ્યાત્મ ભાવના

## આત્મધર્મની સહેલી લેખમાળા

( લેખઃ નંઃ ૩૭ અંકઃ ૨૭૨ થી ચાલુ )

**ભગવાન શ્રી પૂજ્યપાદસ્વામીરચિત ‘સમાધિશતક’ ઉપર પૂ. ગુરુદેવના અધ્યાત્મભાવનાભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.**

દેહથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા શું છે ને તેનો અનુભવ કેમ થાય તે વાત પૂજ્યપાદસ્વામીએ આ સમાધિશતકમાં સહેલી રીતે વર્ણવી છે. આત્માના અતીન્દ્રિય સુખની જેને અભિલાષા છે એવા જીવોને માટે રાગાદિથી ભિન્ન શુદ્ધ આત્મસ્વરૂપનું વર્ણન કર્યું છે. વસ્ત્રનાં દ્રષ્ટાંતે દેહાદિથી ભિન્ન આત્મસ્વરૂપ બતાવીને કહે છે કે જેનો ઉપયોગ આવા આત્મસ્વરૂપમાં લાગેલો છે તે જ પરમ શાંતિસુખને અનુભવે છે, બીજા નહિ. આવો અનુભવ કરનાર જ્ઞાની કેવા હોય ? તો કહે છે કે–

यस्य सस्पंदमाभाति निःस्पंदेन समं जगत्।
अप्रज्ञमक्रियाभोगं स शमं याति नेतरः।।६७।।

જે જ્ઞાનીને શરીરાદિની અનેક ક્રિયાઓ વડે સસ્પંદ એવું આ જગત કાષ્ટ વગેરે સમાન નિસ્પંદ અને જડ ભાસે છે, તે જ પરમ વીતરાગી સુખને અનુભવે છે; તેના અનુભવમાં ઇન્દ્રિયોના વ્યાપારરૂપ ક્રિયા નથી, કે ઇન્દ્રિયવિષયોનો ભોગવટો નથી. ઉપયોગ જ્યાં અંતરમાં વળીને આત્માના આનંદના અનુભવમાં એકાગ્ર થયો ત્યાં દેહાદિ તરફનું લક્ષ જ છૂટી જાય છે, એટલે તેને તો આ જગત નિશ્ચેતન ભાસે છે.–આવા જ્ઞાની જ અંતર્મુખ ઉપયોગ વડે આત્મિક સુખને અનુભવે છે; મન–વચન–કાયાની ક્રિયાને પોતાની માનનાર અજ્ઞાની બહિરાત્મા જીવ ચૈતન્યના પરમસુખને અનુભવી શકતો નથી.

જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા અશરીરી છે, તેને સાધવાવાળા જીવને જ્યાં શુભનોય રસ નથી ત્યાં અશુભ પરિણામની તો વાત જ શી ? જેને આત્માના સ્વરૂપની રુચિ થઈ તેને સંસારનો અને દેહનો રાગ ટળ્યા વગર રહે નહિ; પરભાવની જરાય પ્રીતિ તેને રહે નહિ.

અહીં તો કહે છે કે ચૈતન્યસ્વરૂપમાં જેની દ્રષ્ટિ નિસ્પંદ થઈ છે–સ્થિર થઈ છે એવા જ્ઞાનીને સસ્પંદ એવું આ જગત પણ નિસ્પંદ સમાન ભાસે છે; જગતની ક્રિયાઓ સાથેનો પોતાનો સંબંધ છૂટી ગયો ત્યાં તેને પોતાના અનુભવથી ભિન્ન દેખે છે. મારી ચેતનાનો એક અંશ પણ પરમાં દેખાતો નથી, મારું સર્વસ્વ મારામાં જ છે–એમ જ્ઞાની પોતાના આત્માને જગતથી અસંગ અનુભવે છે.

ભાઈ, તારે તારા આત્માને અનુભવવો હોય તો તું જગતને તારાથી અત્યંત ભિન્ન, અચેતન જેવું દેખ. એટલે કે તારી ચેતનાનો કે તારા સુખનો એક અંશ પણ તેમાં નથી એમ જાણ. જગતમાં તો બીજા અનંતા જીવો છે, સિદ્ધભગવંતો છે, અર્હન્તો છે, મુનિવરો છે, ધર્માત્માઓ છે; અનંતા જીવ ને અજીવ પદાર્થો છે, ને તે સૌની ક્રિયા તેમનામાં થયા કરે છે, પણ આ આત્મા પોતાના સ્વાનુભવ તરફ જ્યાં ઉપયોગને ઝુકાવે છે ત્યાં આખું જગત શૂન્યવત ભાસે છે; જગત તો જગતમાં છે જ પણ આનો ઉપયોગ તે પર તરફથી પાછો હટી ગયો છે તેથી તે ઉપયોગમાં પોતાના આત્માનું જ અસ્તિત્વ છે ને જગત તેમાં શૂન્ય છે. ઉપયોગને અંતર્મુખ કરીને આ રીતે આત્માને પરથી શૂન્ય અનુભવે તે જ આત્માના પરમ સુખને ભોગવે છે, બીજા જીવો આત્માના સુખને ભોગવી શકતા નથી. આત્માના અતીન્દ્રિયસુખના અભિલાષી જીવે જગતની ક્રિયાથી પાર પોતાના જ્ઞાનાનંદસ્વરૂપને જાણવું જોઈએ. ।। ૬૭ ।।

卐

## ( વીર સં. ૨૪૮૨, અસાઢ વદ છઠ્ઠ: સમાધિશતક ગા. ૬૮ )

દેહાદિથી ભિન્ન આત્માને બહિરાત્મા જાણતો નથી.–તેથી તે સંસારમાં રખડે છે. એ વાત કહે છે–

शरीरकंचुकेनात्मा संवृत्तज्ञानविग्रहः।
नात्मानं बुध्यते तस्माद्भ्रमत्यतिचिरं भवे।।६८।।

આત્મા તો ચૈતન્યશરીરી અતીન્દ્રિય છે, તેમાં અંતર્મુખ થઈને તેને જે ધ્યેય નથી બનાવતો તે આત્માને નથી જાણતો, પણ દેહાદિને કે રાગાદિને જ આત્મા માને છે. તેનું જ્ઞાનશરીર કર્મરૂપી કાંચળીથી ઢંકાઈ ગયું છે, અર્થાત્ આત્મા તરફ ન વળતાં કર્મ તરફ જ તેનું વલણ છે, ને તેથી તે સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. જેમ કાંચળી તે સર્પ નથી, તેમ આ ચૈતન્યસ્વરૂપ આત્માને કર્મ તરફના વલણથી જે રાગ–દ્વેષ–મોહરૂપ કાંચળી છે તે તેનું વાસ્તવિકસ્વરૂપ નથી. તે કાંચળીને લીધે અજ્ઞાનીને આત્માનું વાસ્તવિકસ્વરૂપ ઓળખાતું નથી. એટલે રાગાદિને જ આત્મા માનીને તે પોતે પોતાના ચૈતન્યસ્વરૂપને આવરણથી ઢાંકીને ચારગતિમાં રખડે છે. તેને ભગવાને ઉપદેશ કર્યો છે કે હે જીવ! તારું ચૈતન્યતત્ત્વ રાગાદિથી રહિત છે, દેહાદિથી ભિન્ન છે, તેમાં તું અંતર્મુખ થા. તારી ભૂલથી ભવભ્રમણ છે, તે ભૂલ ટાળ, ને

ચિદાનંદ સ્વરૂપ આત્માની સંભાળ કર તો તારું ભ્રમણ ટળે ને મુક્તિ થાય.

જેમ પાણીમાં નીમક ( મીઠું ) મિશ્ર થતાં તે ખારું લાગે છે, ત્યાં ખરેખર પાણીનો ખારો સ્વભાવ નથી, ખારું તો મીઠું છે; તેમ આત્મામાં કર્મ તરફના વલણથી રાગ–દ્વેષ –મોહરૂપ આકુળતાનું વેદન થાય છે, તે આકુળતા ખરેખર આત્માના ચૈતન્યસ્વભાવનો સ્વાદ નથી, તે તો કર્મ તરફના વલણવાળા વિકારીભાવનો સ્વાદ છે. હું તો ચૈતન્યસ્વરૂપ છું–જ્ઞાન ને આનંદ જ મારું શરીર છે–એવી અંતર્ સ્વરૂપની સાવધાની કરતાં ચૈતન્યના સ્વાદનો અનુભવ થાય છે. પણ અજ્ઞાનીજીવ ભ્રાંતિને લીધે તેને જાણતો નથી ને કર્મ તરફના વલણના રાગાદિરૂપ સ્વાદને જ તે આત્માનો સ્વાદ માને છે. રાગ તે ધર્મ નથી –એમ કદાચ ધારણાથી કહે, પણ અંતરમાં તે રાગના વેદનથી જુદો પડતો નથી, સૂક્ષ્મપણે રાગની મીઠાશમાં જ તે અટકી ગયો છે, પણ રાગથી પાર થઈને જ્ઞાનભાવનો અનુભવ કરતો નથી. જ્યાંસુધી રાગથી પાર જ્ઞાનાનંદસ્વરૂપને ન જાણે ત્યાંસુધી તે અજ્ઞાની બહિરાત્મા સંસારમાં જ પરિભ્રમણ કરે છે ા ૬૮ ા

બહિરાત્મા યથાર્થ આત્મસ્વરૂપને નથી જાણતો, તો તે કોને આત્મા માને છે ?–તે હવે કહેશે.

## સન્તોની વાત

સન્તો કહે છેઃ ભાઈ ! તારે અત્યારે આત્માનો આનંદ કમાવાનો અવસર આવ્યો છે તેને તું ચુકીશ નહિ.

આચાર્યદેવ કહે છે કે સ્વાનુભવથી હું જે શુદ્ધાત્મા દેખાડું છું તેમાં સંદેહ કર્યા વગર તારા સ્વાનુભવથી તું પ્રમાણ કરજે !

અનાકુળ સ્વરૂપનું ધ્યાન અનાકૂળ પરિણતિ વડે જ થાય છે; તે ધ્યાનમાં જ આનંદ સ્ફૂરે છે.

વિકલ્પ તો આકુળતા છે, આકુળતામાં આનંદની સ્ફુરણા કેમ થાય ?

આત્મા જડતો નથી–એમ કોઈ કહે, તો તેને કહે છે કે ભાઈ ! જ્યાં આત્મા છે ત્યાં તું ગોતતો જ નથી પછી ક્યાંથી જડે ? અંતર્મુખ થઈને જ્ઞાનભાવમાં શોધ તો જરૂર આત્મા જડશે. પરભાવમાં શોધ્યે તે નહિ મળે.

# ભગવાન ઋષભદેવ

## તેમના છેલ્લા દશ અવતારની કથા

( મહાપુરાણના આધારે લે. બ્ર. હ. જૈનઃ લેખાંક ત્રીજો )

સોનગઢ–જિનમંદિરના ચિત્રોમાંથી પાંચ ચિત્રોનો પરિચય 'આત્મધર્મ' માં અપાઈ ગયો છે; છઠ્ઠા ચિત્રમાં, શ્રી ઋષભદેવ ભગવાનના આત્માને પૂર્વે સાતમા ભવે ભોગભૂમિના અવતારમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે–તેનું દ્રશ્ય છે. આ કથાનો સંબંધ તેમના દસમા ભવથી શરૂ થતો હોવાથી આપણે અહીં ઋષભદેવપ્રભુના પૂર્વના દસમા ભવથી કથાની શરૂઆત કરી છે. દસમા ભવે તે જીવ મહાબલરાજા હતો અને ત્યાં સ્વયંબુદ્ધ મંત્રીના ઉપદેશથી તેને જૈનધર્મનો પ્રેમ થયો. ત્યારપછી નવમા ભવે તે સ્વર્ગમાં લલિતાંગ દેવ થયો અને ત્યાં સ્વયંપ્રભા દેવી સાથે તેને સંબંધ થયો; ત્યાર પછી આઠમા ભવે તે બંને વજ્રજંઘ અને શ્રીમતી થયા છે; તેઓ, ૧–મતિવર મંત્રી ૨–આનંદ પુરોહિત ૩–ધનમિત્ર શેઠ અને ૪–અકંપન સેનાપતિ એ ચારે સહિત, પુંડરિકિણીનગરી તરફ જઈ રહ્યા છે.....જતાં જતાં વચ્ચે શષ્પ સરોવરના કિનારે પડાવ નાંખ્યો છે ને ભોજનની તૈયારી કરી છે. એવામાં ત્યાં એક આનંદકારી ઘટના બની....શું બન્યું? તે જાણવા માટે હવે આગળ વાંચો.



એકાએક દમધર અને સાગરસેન નામના બે ગગનવિહારી મુનિવરો ત્યાં પધાર્યા. **આ બંને મુનિરાજને વનમાં જ આહાર લેવાની પ્રતિજ્ઞા હતી,** તેઓ અતિશય તેજસ્વી હતા. અને પવિત્રતાથી તેઓ એવા સુશોભિત હતા–જાણે કે સ્વર્ગ અને મોક્ષનો સાક્ષાત્ માર્ગ જ હોય.–આવા બંને મુનિવરો વિહાર કરતા કરતા વજ્રજંઘના તંબુની સમીપ આવી પહોંચ્યા તે મુનિવરોને જોતાં જ વજ્રજંઘ અને શ્રીમતીએ ઊઠીને આશ્ચર્યપૂર્વક તેમને પડગાહન કર્યું.

ભક્તિથી અર્ઘ ચડાવીને નમસ્કાર કર્યા, અને યોગ્યવિધિપૂર્વક ભોજનશાળામાં પ્રવેશ કરાવ્યો. ત્યાં વજ્રજંઘે તેમને ઉચ્ચ સ્થાને બેસાડયા, તેમના ચરણોનું પ્રક્ષાલન કર્યું, પૂજા કરી, નમસ્કાર કર્યા; પછી મન–વચન–કાયાની શુદ્ધિપૂર્વક દાતાના સાત ગુણો–શ્રદ્ધા, સંતોષ, ભક્તિ વગેરે સહિત વિશુદ્ધ પરિણામથી તે ઉત્તમ મુનિવરોને વિધિપૂર્વક આહારદાન દીધું. (હજી એને ખબર નથી કે જેને પોતે આહારદાન આપ્યું તે પોતાના પુત્રો જ હતા.) ઉત્તમ આહારદાનના પ્રભાવથી તરત જ ત્યાં આશ્ચર્યકારી પાંચ વસ્તુ પ્રગટ થઈ– (૧) દેવો આકાશમાંથી રત્નવૃષ્ટિ કરવા લાગ્યા (૨) પુષ્પવર્ષા કરવા લાગ્યા, (૩) આકાશગંગામાંથી સુગંધી જળના છંટકાવપૂર્વક મંદમંદ સુગંધી વાયુ વહેવા લાગ્યો, (૪) ગંભીર દુંદુભિ વાજાં વાગવા માંડયા, અને (૫) ચારે દિશામાં “અહો દાનં....અહો દાનં” એવા શબ્દ થવા લાગ્યા.

આહારદાન બાદ બંને મુનિરાજોને વંદન અને પૂજન કરીને વજ્રજંઘે જ્યારે તેમને વળાવ્યા ત્યારે અંતઃપુરની દાસીએ કહ્યું; રાજન્! આ બંને મુનિવરો તમારા સૌથી નાના પુત્રો જ છે. એ સાંભળતાં જ વજ્રજંઘ અને શ્રીમતી અતિશય પ્રેમપૂર્વક તે મુનિવરોની નીકટ ગયા અને તેમની પાસેથી ધર્મનું શ્રવણ કર્યું. ત્યારબાદ વજ્રજંઘે પોતાના તથા શ્રીમતીના પૂર્વભવ પૂછયા. મુનિવરોએ તે બંનેના પૂર્વભવોનું વર્ણન કર્યું. ત્યારબાદ વજ્રજંઘે ફરીને કુતૂહલથી પૂછયું–હે નાથ! આ મતિવર મંત્રી, આનંદ પુરોહિત, ધનમિત્ર શેઠ અને અકંપન સેનાપતિ–એ ચારેય મને ભાઈની જેમ અતિશય વહાલા છે, માટે કૃપા કરીને આપ તેમના પણ પૂર્વભવ કહો.

મુનિરાજે કહ્યું; હે રાજન્! આ મતિવર મંત્રીનો જીવ પૂર્વે એક ભવમાં સિંહ હતો; એકવાર વનમાં પ્રીતિવર્ધન રાજાએ મુનિને આહારદાન દીધું તે દેખીને સિંહને જાતિસ્મરણ થઈ ગયું, તેથી તે અતિશય શાંત થઈ ગયો ને આહારાદિનો ત્યાગ કરીને તે સિંહ એક શીલા ઉપર બેસી ગયો. મુનિરાજે અવધિજ્ઞાનવડે તે જાણીને પ્રીતિવર્ધન રાજાને કહ્યુંઃ હે રાજન્! આ પર્વત ઉપર કોઈ એક સિંહ શ્રાવકના વ્રત ધારણ કરીને સંન્યાસ કરી રહ્યો છે, તમારે તેની સેવા કરવી યોગ્ય છે; ભવિષ્યમાં તે ભરતક્ષેત્રના પહેલા તીર્થંકર ૠષભદેવનો પુત્ર થશે. અને ચક્રવર્તી થઈને તે જ ભવે મોક્ષ જશે. મુનિરાજની એ વાત સાંભળીને રાજાએ તે સિંહને પ્રેમથી જોયો, અને તેના કાનમાં નમસ્કારમંત્ર સંભળાવ્યો. અઢાર દિવસના સંથારા બાદ દેહ છોડીને તે સિંહ બીજા સ્વર્ગનો દેવ થયો અને ત્યાંથી ચ્યવીને આ મતિવર મંત્રી થયો છે.

વળી તે સિંહ ઉપરાંત પ્રીતિવર્દ્ધનરાજાના સેનાપતિ, મંત્રી અને પુરોહિત–એ ત્રણેએ પણ આહારદાનમાં અનુમોદન આપેલું, તેથી તેઓ ભોગભૂમિનો અવતાર કરીને પછી બીજા સ્વર્ગના દેવ થયા. તમારી (વજ્રજંઘની) લલિતાંગદેવની પર્યાયમાં એ ત્રણે તમારા જ



પરિવારના દેવો હતા અને તેઓ જ અહીં તમારા પુરોહિત, શેઠ અને સેનાપતિ થયા છે.

–આ પ્રમાણે બે મુનિવરોએ વજ્રજંઘને તેના મંત્રી–પુરોહિત–શેઠ અને સેનાપતિના પૂર્વભવોનો સંબંધ કહ્યો.

જ્યારે એ બે મુનિવરો વજ્રજંઘને આ બધો વૃત્તાંત કહી રહ્યા હતા, ત્યારે નોળિયો, સિંહ, વાંદરો અને ભૂંડ એ ચાર જીવો ત્યાં સમીપમાં બેઠા હતા અને શાંતિથી મુનિરાજ તરફ ટગટગ નીહાળી રહ્યા હતા. તે જોઈને આશ્ચર્યથી વજ્રજંઘે પૂછ્યું: હે સ્વામી! આ નોળિયો, સિંહ, વાંદરો અને ભૂંડ એ ચારે જીવો અહીં મનુષ્યોની વચ્ચે પણ નિર્ભયપણે આપના મુખકમળ તરફ નજર માંડીને કેમ બેઠા છે?

તેના ઉત્તરમાં શ્રી મુનિરાજે કહ્યું: સાંભળ, હે રાજન્! આ સિંહ વગેરે ચારે જીવો તારું આહારદાન દેખીને પરમ હર્ષ પામ્યા છે.

આ સિંહ પૂર્વભવે હસ્તિનાપુરમાં એક વેપારીનો પુત્ર હતો પણ તીવ્ર ક્રોધને લીધે તે મરીને સિંહ થયો છે.

આ ભૂંડ પૂર્વભવે એક રાજપૂત્ર હતો, પણ તીવ્ર માનને લીધે તે મરીને ભૂંડ થયો છે;

આ વાંદરો પૂર્વભવે એક વણિકપુત્ર હતો, પણ તીવ્ર માયાને લીધે વાંદરો થયો છે;

અને આ નોળિયો પૂર્વે એક હલવાઈ હતો, પણ તીવ્ર લોભને લીધે મરીને નોળિયો થયો છે.

અત્યારે આ ચારે જીવો આહારદાન દેખીને અતિશય હર્ષિત થયા છે અને તે ચારેયને જાતિસ્મરણ થયું છે તેથી તેઓ સંસારથી એકદમ વિરક્ત થઈ ગયા છે, અને નિર્ભયપણે ધર્મશ્રવણ કરવાની ઈચ્છાથી અહીં બેઠા છે.

તમે બંનેએ આહારદાનના ફળમાં ભોગભૂમિનું આયુષ્ય બાંધ્યું છે, અને આ સિંહ વગેરે ચારે જીવોએ પણ આહારદાનનું અનુમોદન કરીને તમારી સાથે જ ભોગભૂમિનું આયુષ્ય બાંધ્યું છે. હે રાજન્! **અહીંથી હવે આઠમા ભવે જ્યારે તમે ઋષભનાથ તીર્થંકર થઈને મોક્ષ પામશો ત્યારે આ બધા જીવો પણ તે જ ભવમાં મોક્ષ પામશે, એમાં સંદેહ નથી. અને ત્યાંસુધી આ બધા જીવો-દેવ મનુષ્યના ઉત્તમ ભવોમાં તમારી સાથે ને સાથે જ રહેશે. આ શ્રીમતીનો જીવ પણ તમારા તીર્થમાં દાનતીર્થની પ્રવૃત્તિ ચલાવનાર શ્રેયાંસરાજા થશે અને પછી તમારા ગણધર થઈને તે જ ભવે મોક્ષ પામશે.**

આકાશગામી ચારણઋદ્ધિધારક મુનિવરોનાં આ વચનો સાંભળીને રાજા વજ્રજંઘનું શરીર હર્ષથી રોમાંચિત થઈ ગયું, તેમજ રાણી શ્રીમતી, મતિવરમંત્રી વગેરે સૌને પણ ઘણો જ હર્ષ થયો. તેઓએ મુનિરાજના ચરણોમાં ફરી ફરીને નમસ્કાર કર્યા. ત્યારબાદ, આકાશ જ જેમનાં વસ્ત્ર છે એવા એ નિસ્પૃહ મુનિવરો તો આકાશમાર્ગે અન્યત્ર વિહાર કરી ગયા.

(અહીં જિજ્ઞાસુઓએ આગળ જતાં આ કથાનો સંબંધ સમજવા માટે એક વાત લક્ષમાં રાખવા જેવી છેઃ વજ્રજંઘની સાથે વિધિપૂર્વક મુનિવરોને આહારદાન કરતાં શ્રીમતીને ઘણી જ પ્રસન્નતા થઈ, અને આ આહારદાન-પ્રસંગના એવા દ્રઢસંસ્કાર તેના આત્મામાં પડી ગયા કે, હવેના આઠમા ભવે વજ્રજંઘ જ્યારે ઋષભદેવ તીર્થંકર થશે અને મુનિદશામાં એક વર્ષની તપશ્ચર્યા કરશે, તથા શ્રીમતીનો જીવ શ્રેયાંસકુમાર તરીકે જન્મ્યો હશે, ત્યારે ઋષભદેવ ભગવાનને જોતાં જ તે શ્રેયાંસકુમારને પૂર્વના સાત ભવ પહેલાંના (એટલે અસંખ્ય વર્ષ પહેલાંના) આ આહારદાન-પ્રસંગનું સ્મરણ થઈ આવશે, ને તે ઉપરથી આહારદાનની વિધિ જાણીને તે વિધિપૂર્વક ઋષભદેવમુનિરાજને પહેલવહેલું આહારદાન કરીને દાનતીર્થના પ્રવર્તક થશે.)

મુનિવરો વિહાર કરી જતાં રાજા વજ્રજંઘ વગેરે પોતાના તંબુમાં પાછા આવ્યા, અને એ મુનિવરોના ગુણોનું ધ્યાન કરતાં આખો દિવસ એ શષ્પ સરોવરના કિનારે વીતાવ્યો. ત્યારબાદ અનુક્રમે પ્રસ્થાન કરતાં કરતાં તેઓ પુંડરીકિણી નગરી આવી પહોંચ્યા; ને ત્યાં થોડો વખત રહીને પોતાના ભાણેજ પુંડરીકનું રાજ્ય સુવ્યવસ્થિત કરીને, ઉત્પલખેટક નગરીમાં પાછા ફર્યા.

વજ્રજંઘ અને શ્રીમતીનો ઘણો કાળ વિવિધ ભોગવિલાસમાં વીતી ગયો; આયુષ્ય પૂરું થવા આવ્યું તેનો પણ તેમને ખ્યાલ ન રહ્યો. એકવાર શયનાગારમાં તેઓ સુતા હતા, અને અનેક પ્રકારનો સુંગંધી ધૂપ ત્યાં સળગી રહ્યો હતો; પરંતુ સેવકો ઝરૂખાનું દ્વાર ખોલવાનું ભૂલી ગયા, તેથી ચારેકોરથી બંધ શયનાગારમાં ધૂમાડાથી તેઓ ગૂંગળાઈ ગયા, અને થોડીવારમાં મૂર્છિત થઈને મૃત્યુ પામ્યા. અહીં શાસ્ત્રકાર કહે છે કે હા! જે ધૂપ તેમના ભોગોપભોગનું સાધન હતું તેનાથી જ તેમનું મૃત્યું થયું; ઉત્તમ ભોગવૈભવને પામેલા વજ્રજંઘ અને શ્રીમતી પણ આવી શોચનીયદશાને

પામ્યા.... માટે સંસારની આવી સ્થિતિને ધિક્કાર હો. ‘હે ભવ્ય જીવો! ભોગોમાં આસક્તિથી જીવની આવી દશા થાય છે, તો પછી દુઃખકારી એવા એ ભોગોથી શું પ્રયોજન છે? તેને છોડીને જિનેન્દ્રદેવના વીતરાગધર્મમાં જ પ્રીતિ કરો.

વજ્રજંઘ અને શ્રીમતી મરીને ક્યાં ઊપજ્યા–તે હવે કહે છે.

(૪)

## ઋષભદેવનો સાતમો પૂર્વભવઃ ભોગભૂમિમાં સમ્યક્ત્વપ્રાપ્તિઃ

પ્રિય પાઠક! હવે આપણી કથા એક બહુ જ સુંદર રળિયામણા ક્ષેત્રમાં જાય છે...કે જે ક્ષેત્ર ઋષભદેવ ભગવાનના સમ્યક્ત્વની જન્મભૂમિ છે. ઋષભદેવનો જીવ વજ્રજંઘનો અવતાર પૂરો કરીને અહીં અવતરે તે પહેલાં આ ક્ષેત્રનો થોડોક પરિચય કરી લઈએ.

આ જંબુદ્વીપની વચ્ચે મેરુપર્વત છે, તેની ઉત્તર તરફ ઉત્તરકુરુ નામની ભોગભૂમિ છે; તે ભોગભૂમિ પોતાની અતિશય શોભાદ્વારા જાણે કે સ્વર્ગની શોભાની મશ્કરી કરે છે. ત્યાં ભોજન, વસ્ત્ર, આભૂષણ, દીપક, વાજિંત્ર વગેરે દેનાર કલ્પવૃક્ષો છે, તે રત્નમય કલ્પવૃક્ષો પોતાની પ્રભાવડે ચારે બાજુ પ્રકાશ ફેલાવી રહ્યાં છે. આ વૃક્ષો અનાદિનિધન છે, આ ઉપરોક્ત ફળ દેવાનો તેમનો સ્વભાવ જ છે. જેમ આજકાલના સામાન્ય વૃક્ષો સમય પર અનેકવિધ ફળ આપે છે તેમ તે કલ્પવૃક્ષો પણ દાનના ફળમાં જીવોને અનેક પ્રકારે ફળ આપે છે. ત્યાંની ભૂમિ રત્નોની બનેલી છે. પૂર્વભવે દાન દેનારા જીવો જ અહીં ઉત્પન્ન થાય છે. અહીંના જીવો ચક્રવર્તી કરતાં પણ વધારે સુખી છે.

આપણા કથાનાયક વજ્રજંઘ અને શ્રીમતી એ બંને મરણ પામીને પાત્રદાનના પ્રભાવથી આવી પુણ્યભૂમિમાં અવતર્યા; વજ્રજંઘની સાથે જેમણે આહારદાનનું અનુમોદન કર્યું હતું એવો નોળિયો, સિંહ, વાંદરો અને ભૂંડ–એ ચારે જીવો પણ આહારદાનની અનુમોદનાના પ્રભાવથી દિવ્ય મનુષ્યશરીર પામીને અહીં જ ઉપજ્યા અને ભદ્રપરિણામી આર્ય થયા. મતિવરમંત્રી, આનંદપુરોહિત, ધનમિત્ર શેઠ તથા અકંપનસેનાપતિ એ ચારેય જીવો વજ્રજંઘ–શ્રીમતીના મૃત્યુથી વૈરાગ્ય પામીને દીક્ષિત થયા અને રત્નત્રયની આરાધના કરીને સ્વર્ગલોકમાં પહેલી ગ્રૈવેયકમાં અહમીન્દ્ર થયા.

(ઋષભદેવ ભગવાનના જીવને તેમજ સાથેના પાંચે જીવોને, ભોગભૂમિમાં સમ્યક્ત્વપ્રાપ્તિનો જે અત્યંતપ્રિય મંગલપ્રસંગ સોનગઢ જિનમંદિરમાં દર્શાવવામાં આવ્યો છે, અને જે મુમુક્ષુઓને સમ્યક્ત્વની પ્રેરણા જગાડે છે–તે પ્રસંગનું રોમાંચકારી વર્ણન હવેના લેખાંકમાં આવશે.)

卐

# એ.....ક.....લો

**આત્માનું પરથી ભિન્ન એકત્વસ્વરૂપ બતાવીને, વૈરાગ્યરસના સીંચનપૂર્વક ચૈતન્યની આરાધનાની પ્રેરણા આપતાં સન્તો કહે છે કે: હે જીવ! ચારગતિના ભવભ્રમણમાં, કે મોક્ષની આરાધનામાં તું એકલો જ છો, બીજું કોઈ તારું સાથીદાર નથી; આવું એકત્વસ્વરૂપ જાણીને તું એકલો તારા પરમતત્ત્વમાં જ સ્થિત રહે.**

**નિયમસાર ગાથા ૧૦૦માં એકત્વભાવના વર્ણવતાં આચાર્યદેવ કહે છે કે-**

**જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે!**
**જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે.**

અનાદિ અનંત એકલો આત્મા અન્ય કોઈની સહાય વગર નિઃસહાયપણે સંસારરૂપ કે મોક્ષરૂપ પોતે પરિણમી રહ્યો છે. સંસારમાં દરેક જીવને આયુષ્યની સ્થિતિ પ્રત્યેક સમયે ઓછી થાય છે એટલે કે આયુષ્યની હાનિરૂપ મરણ દરેક સમયે થઈ રહ્યું છે, આયુષ્યના રજકણ ક્ષણેક્ષણે દોડતા જાય છે તેને ઇન્દ્રો પણ રોકી શકતા નથી. ઇન્દ્રોનું આયુષ્ય પણ પ્રત્યેક સમયે ક્ષય પામતું જ જાય છે. આયુષ પૂરું થતાં એક ભવમાંથી મરીને બીજા ભવમાં જતાં જીવને શું કોઈ રોકી શકે છે? ના; અસહાયપણે સંસારમાં તે જન્મ-મરણ કરે છે. ને સ્વભાવની સાધનાવડે તે મોક્ષને સાધવા માંગે તો તે પણ પરની સહાય વગર પોતે એકલો જ સાધી શકે છે. સંસારમાં રખડવામાં કે સિદ્ધિને સાધવામાં જીવ એકલો જ છે.

જીવ રાત્રે સૂએ ને સવારમાં જુઓ તો ફૂ.....! રાત્રે સૂતો તે સવારે ઉઠશે જ-તેની પણ ક્ષણભંગુર જીવનમાં ખાતરી નથી. મોટો શહેનશાહ રાત્રે સૂતો ને સવારે મરણ પામ્યો! રાત્રે ક્યારે મરણ પામ્યો તેની પણ લોકોને ખબર ન પડી. અને કદાચ હજારો લાખો સેવકો ને મોટા મોટા વૈદ-દાક્તરો સામે ઉભા હોય તોપણ જીવને મરણથી બચાવવા કોઈ સમર્થ નથી. માટે આવું અસહાયપણું જાણીને હે જીવ! તું તારા એકત્વ સ્વભાવને પરથી પૃથક્ દેખ. બાપુ! તારા ચિદાનંદઘરને તું જો તો ખરો....તેના અપાર વૈભવને દેખતાં તું એકલો સિદ્ધિને પામીશ; તેમાં કોઈ બીજાની સહાયની જરૂર તને નહિ પડે. ભગવાન! અસહ્ય અને ક્ષણભંગુર એવા આ સંસારના ભાવથી વિરક્ત થઈને એકલો તું તારા સિદ્ધપદને સાધ.

આયુષ્યના ક્ષયરૂપ મરણ તો જરૂર થવાનું જ છે. જો કે જ્ઞાનાનંદસ્વભાવથી તો જીવ અનાદિઅનંત છે, તેનો કદી નાશ થતો નથી; આવા અનાદિઅનંત જ્ઞાનાનંદસ્વભાવને જાણે તો સાદિ–અનંત એવા સિદ્ધપદને સાધે, કે જ્યાં કદી મરણ કે જન્મ નથી. અરે, આવા અશરીરી જ્ઞાનાનંદસ્વરૂપી આત્માને સંસારમાં શરીર ધારણ કરીને ભવભવમાં ભટકવું પડે તે તો શરમ છે!–તેનાથી છૂટીને અશરીરી થવાની આ વાત છે.

**જે જાણે નિજાત્મને, અશુચી દેહથી ભિન્ન;**
**શરમજનક જન્મો ટળે, ધરે ન દેહ નવીન.**

બ્રહ્મદત્તચક્રવર્તીનું ૭૦૦ વર્ષનું આયુષ્ય હતું, તેમાંય ચક્રવર્તીપદનો કાળ તો તેનાથી થોડો; તે મરીને સાતમી નરકમાં ૩૩ સાગરોપમના આયુષ્યથી ઊપજ્યો. એટલે ચક્રવર્તીપદની એકેક સેકંડની સામે અસંખ્યાતા વર્ષોનું નરકનું ઘોર દુઃખ તે પામ્યો. અહીં ચક્રવર્તીપણામાંય કોઈ તેનું સહાયક ન હતું, પોતે એકલાએ જ તેના ભોગવટાનો ભાવ કર્યો ને મરીને પોતે એકલો જ નરકમાં ગયો, ત્યાં અનંતા દુઃખને તે એકલો જ ભોગવે છે; ને સ્વભાવને સાધીને મોક્ષ પામશે ત્યારે પણ તે એકલો જ મોક્ષ પામશે.

ભાઈ, સંતો તને તારું એકત્વ બતાવીને સ્વાશ્રિત મોક્ષમાર્ગ સાધવાનું કહે છે. તું એકલો છો..... જગતમાં તારે કોની સામે જોઈને અટકવું છે! પરાશ્રયે તેં અનંત જન્મ–મરણ કર્યાં; અરે, હવે તો એનો છેડો છોડ! હવે તો સ્વાશ્રય કરીને સિદ્ધિના પંથે ચડ! શ્રી ગુરુ તને તારું સ્વાશ્રિત ચૈતન્યપદ બતાવીને તેનો આશ્રય કરાવે છે, તો શ્રી ગુરુનાપ્રસાદથી તું સ્વાત્માશ્રિત પરિણામ વડે તારા સિદ્ધપદને સાધ! તારા મોક્ષને સાધવામાં પણ તું એકલો જ છો.....તારા સિદ્ધપદને સાધવા માટે તું બહારથી પાછો હટીને અંતરમાં જા..... એમ સંતોનો વારંવાર ઉપદેશ છે.

રે જીવ! સિદ્ધપદને સાધવાનો આવો અવસર મળ્યો છે, હવે તું ચુકીશ નહિ....સિદ્ધપદના ભંડાર તારામાં જ ભર્યા છે, તેને અંતરદ્રષ્ટિથી ખોલ એટલી જ વાર છે. તારા સિદ્ધપદને માટે કોઈ બીજાની સામે તારે જોવાનું નથી, કોઈ બીજાની તારે ઓશીયાળ કે સહાય નથી, ને કોઈ બીજો તને રોકી શકે તેમ નથી. તું અંતુર્મુખ થઈને નિજાત્માનો આશ્રય લે. તીર્થમાં કે સિદ્ધક્ષેત્રમાં જઈને પણ નિજાત્માના આશ્રયે જ સિદ્ધિ સાધી શકાય છે; નિજાત્માના આશ્રય વગર ક્યાંય પણ સિદ્ધિ પામી શકાતી નથી.

પોતાના પરિણામરૂપ કર્મને આત્મા જ સ્વયં કરે છે, ને પોતે જ તેના ફળને ભોગવે છે; કોઈ બીજો તેના પરિણામને કરાવતો નથી કે કોઈ બીજો તેના ફળને ભોગવતો નથી.–આવો એકત્વ સ્વભાવ અનાદિઅનંત છે. પોતાના પરિણામમાં સંસારના કે મોક્ષના ભાવ કરીને તેના ફળને જીવ એકલો જ ભોગવે છે. સ્ત્રી–પુત્રાદિ માટે જે પાપ કર્યાં તેનું ફળ ભોગવવા કાંઈ તેઓ ભેગાં નથી આવતા. તારા પરિણામનું ફળ તારે જ ભોગવવાનું

છે એમ જાણીને હે જીવ! તું પર પરિણામથી પાછો વળીને નિજસ્વભાવમાં તારા પરિણામને જોડ.....જેથી તું એકલો પોતામાં તારા પરમ આનંદને ભોગવીશ.

પોતે કરેલા કર્મના ફળાનુબંધને સ્વયં ભોગવવા માટે તું એકલો જન્મમાં તેમજ મૃત્યુમાં પ્રવેશે છે, કોઈ (સ્ત્રી–પુત્ર–મિત્રાદિક) સુખ–દુઃખના પ્રકારોમાં બિલકુલ સહાયભૂત થતું નથી; એ તો માત્ર પોતાની આજીવિકા માટે ધૂતારાઓની ટોળી તને મળી છે. એટલે કે પરની સહાય લેવા જઈશ તો તું ધુતાઈ જઈશ, તારી ચૈતન્યની સંપદા લુંટાઈ જશે. માટે એની નજર છોડ.....ને તારા સ્વરૂપમાં નજર કર......

જેની હાકલ પડતાં હજાર દેવો હાજર થાય–એવા મોટા ત્રણ ખંડના ધણીને પીવાનાં પાણી ન મળ્યાં! અને સગાભાઈના હાથે બાણથી મરણ થયું! અરે, સંસારમાં કોણ શરણ છે? હજાર દેવો કદાચ પાસે ઉભા હોય તોપણ તે કાંઈ શરણ નથી, ત્રણ ખંડના ધણી દ્વારિકાનગરીને બળતી બચાવી ન શક્યા માતા–પિતાને નગરીથી બહાર કાઢી ન શક્યા! માટે શું કરવું! કે આવા અશરણ સંસાર તરફનું વલણ ફેરવીને તું તારા ચિદાનંદ તત્ત્વની આરાધનામાં તારું ચિત્ત જોડ. મોહને લીધે તું તારા સ્વસુખથી વિમુખ થયો હતો, હવે સ્વભાવની સન્મુખ થઈને તું તારા સુખને ભોગવ. આત્માની એકત્વભાવનામાં જ આવું સુખ છે.

આત્માની આવી એકત્વભાવનામાં પરિણમેલા સમ્યગ્જ્ઞાની કેવા હોય? તે પોતાના આત્માને કેવો અનુભવે? તો કહે છે કે–

**મારો સુશાશ્વત એક દર્શનજ્ઞાનલક્ષણ જીવ છે;**
**બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. (૧૦૨)**

સંસારના વિકલ્પોના કોલાહલથી રહિત એવી મારી સહજ શુદ્ધ જ્ઞાનચેતના તેને અતીન્દ્રિય આનંદસહિત હું ભોગવું છું. ને મારા અનુભવમાં આવતો જે મારો શાશ્વત જ્ઞાનદર્શનમય એક સ્વભાવ, તે સિવાય બીજા બધાય પરભાવો મારાથી બહાર છે, આવા નિજસ્વરૂપને જ્ઞાની એકત્વભાવનાવડે અનુભવે છે.

એક ભાણામાં સાથે બેસીને જમનારા ત્રણ જણા, તેમાં એક તે ભવે મોક્ષ જનાર હોય, એક સ્વર્ગે જાય ને એક નરકે જાય;–આ રીતે પોતાના પરિણામથી જીવ એકલો જ સ્વર્ગમાં –નરકમાં કે મોક્ષમાં જાય છે. અરે, તારું એકત્વ ચૈતન્યતત્ત્વ–જેમાં વિકલ્પોનો કોલાહલ નથી, જેમાં બીજાનો સંયોગ નથી,–એવા પરમતત્ત્વને સ્વાનુભવમાં પ્રાપ્ત કર્યા વગર ભવભ્રમણનો છેડો આવે તેમ નથી. માટે એકલો અસંગ થઈને અંતરની ગૂફામાં પરમતત્ત્વને શોધ ને તેમાં સ્થિર થા. જેથી તને એકલાને તારું મોક્ષસુખ તારામાં જ અનુભવાશે.




**સંપાદકનો પત્રઃ**

ધર્મવત્સલ બાલબંધુઓ! રજા પૂરી થઈ, સ્કૂલો ને કોલેજો શરૂ થઈ.....પણ એનાં ભણતરની સાથે ધર્મનાં ભણતરને ન ભૂલશો....સ્કૂલનું ભણતર રોજ દશ કલાક ભણો તો ધર્મનું ભણતર રોજ દશ મિનિટ તો જરૂર ભણજો....એથી જીવનમાં ઘણા ઉત્તમ સંસ્કારોનું સીંચન થશે. કેરીની મોસમ પણ હમણાં ગઈ...મને થયું કે આપણા બાલસભ્યોને પણ કેરી ખવડાવું, તેથી અસલ મજાના આંબાનું એક ઝાડ વાવ્યું છે, તેનાં ફળ પણ પાકવા આવ્યા છે. થોડા વખતમાં તૈયાર થશે એટલે આખુંય ઝાડ તમને મોકલી દઈશ, તેની કેરી તમને બહુ જ ભાવશે. તોડ તોડીને ખૂબ ખાજો. આપણા બાલ–વિભાગના સભ્યો એક હજાર થઈ જવાની તૈયારી છે. આપણા બધા બાલસભ્યોનું જાણે કે એક ધાર્મિક કુટુમ્બ જ રચાયું હોય એવા વાત્સલ્યભાવ સૌને જાગે છે.

**બાલવિભાગના નવા પ્રશ્નો**

(પ્ર. ૧) નવ તત્ત્વનાં નામ–

૧– જીવ
૨– અજીવ
૩– પુણ્ય
૪– પાપ.
૫– આસ્રવ
૬– બંધ
૭– સંવર
૮– નિર્જરા
૯– મોક્ષ

આ નવ તત્ત્વનાં નામ મોઢે કરો અને તેમાંથી તમને કયા કયા તત્ત્વો ગમે છે તે લખોઃ

(પ્ર. ૨) સૌરાષ્ટ્રમાંથી એક તીર્થંકર મોક્ષ પામ્યા છે, તે કયા તીર્થંકર? અને કયા પર્વત ઉપરથી મોક્ષ પામ્યા?

(પ્ર –૩) નીચેના વાક્યોમાં ભૂલ છે, તે સુધારીને ફરીથી લખોઃ–

(૧) એક માણસના શરીરમાં ઘણું જ્ઞાન હતું.

(૨) જીવનું લક્ષણ શરીર છે.

(૩) દુઃખ શરીરને થાય છે, ને સુખ આત્માને થાય છે.

(કોયડો) આકાશમાં ચાલે છે પણ પંખી નથી.
અપાર વૈભવ છે પણ વસ્ત્ર નથી.
દુનિયાના રાજા છે પણ મુગટ પહેરતા નથી. બોલે છે પણ મોઢું ખોલતા નથી.
આપણને બહુ ગમે છે–એ કોણ?

જવાબ તા. ૧૦ જુલાઈ સુધીમાં લખોઃ–
સરનામુંઃ– સંપાદક–આત્મધર્મઃ
સોનગઢ (સૌરાષ્ટ્ર)

**ગયા અંકના પ્રશ્નોના જવાબ**

(૧) પ્રશ્નઃ– જીવ અને અજીવમાં શું ફેર?

ઉત્તરઃ– જીવમાં જ્ઞાન છે, અજીવમાં જ્ઞાન નથી.

જીવ બધું જાણે છે, અજીવ કાંઈ જાણતું નથી.

(૨) બીજા પ્રશ્નનો ઉત્તરઃ– ભારતના વડાપ્રધાનનું પદ, સોનાનું સમયસાર, સમ્યગ્દર્શન, સ્વર્ગ અને રત્નની મૂર્તિ–આ પાંચ વસ્તુઓમાં સમ્યગ્દર્શન સૌથી શ્રેષ્ઠ છે, તેથી અમે તે લઈશું.

(૩) ત્રીજા પ્રશ્નનો ઉત્તરઃ– મહાવીર ભગવાન પછી ગૌતમસ્વામી, સુધર્મસ્વામી ને જંબુસ્વામી એ ત્રણે કેવળી ભગવંતો મોક્ષ પામ્યા છે. (બીજા પણ કેટલાક જીવો મોક્ષ પામ્યા છે.)

(૪) ખાલી જગ્યા પૂરેલા વાક્યો–

૧ પરમભાવમાં પરભાવ નથી.

૨ વિભાવના નાશથી સ્વભાવ પ્રગટે છે.

૩ ધર્મીને ધન કરતાં ધર્મ વહાલો છે

કેટલાક બંધુઓએ બીજા અને ત્રીજા વાક્યમાં બંધબેસતા અન્ય અક્ષરો પણ શોધી કાઢયા છે.

(કોયડાનો જવાબઃ– **“માનસ્તંભ”** (આ જવાબની સાથે કેટલાક સભ્યોએ તો માનસ્તંભ ચીતરીને મોકલ્યો છે.)

જવાબ મોકલનાર સૌને ધન્યવાદ.

**જવાબ મોકલનાર સભ્યોના નંબરઃ-**

૨૪, ૮૪, ૨૧૫, ૧૩૯, ૧૪૬, ૩૦૩, ૧૩૦, ૧૨, ૧૧, ૩૫૭, ૫૮૧, ૫૫૦, ૧૩૮, ૫૭૬, ૪૪૫, ૩૦૬, ૯૦, ૮૧૬, ૬૬૫, ૫૧૫, ૭૮૪, ૫૮૧, ૭૫૮, ૩૦૧, ૨૫૨, ૨૭૨, ૨૪૪, ૭૫૯, ૭૬૦, ૭૬૧, ૨૬૨, ૧૦૭, ૬૯૭, ૩૮૯, ૫૮૦, ૭૧૪, ૩૪૪, ૭૨૯, ૭૩, ૧૨૯, ૧૧૯, ૮૫, ૩૬૮, ૨૪૬, ૩૬૯, ૩૩૯, ૩૮૫, ૬૯૨, ૩૮૫, ૭૬૬, ૩૯૨, ૮૦, ૪૬૨, ૪૫૬, ૫૬૫, ૩૭૭, ૬૭, ૬૩૦, ૧૨૨, ૧૨૩, ૭૭, ૧૭૧, ૨૨૦, ૪૦, ૫૨૩, ૬૨૨, ૪૧૭, ૪૧૬, ૩૫૦, ૧૭૯, ૪૦૧, ૫૭૩, ૮૫૬, ૮૫૭, ૮૬, ૭૫૪, ૨૯૭, ૩૪૬, ૨૧૭, ૧૧૭, ૪૪૯A, ૪૪૯B, ૮, ૩૧, ૪૩૮, ૧૧૬, ૭૯, ૧, ૨, ૩, ૪, ૧૬૪, ૧૨૯, ૧૫, ૬૭૨, ૧૭૦, ૨૧૮, ૧૪૪, ૭૭૫, ૪૧૪, ૨૪૩, ૭૦૩, ૭૦૫, ૭૦૪, ૪૪૩, ૧૧૫, ૩૩૩, ૩૩૪, ૩૩૫, ૩૨૬, ૪૬૦.

# નાની બચતોનો મોટો ઉપયોગ

અમારા સભ્ય નં. ૨૭૭ શૈલાલિનીબેને પોતાની જે નાનકડી બચત કરેલી તે આત્મધર્મના બાલવિભાગમાં આપી દીધી છે. બાળકની બાળક જેવી રકમ રૂા. ૬ તે જોકે મોટેરા માણસોને નાનકડી લાગશે. પણ તેનો મોટો સદ્ઉપયોગ કરવાની ભાવનાથી, બાળકે જ્યારે પોતાની તે બચત બાલવિભાગમાં આપી હશે ત્યારે તેના હૃદયમાં કેવી ઉર્મિ થઈ હશે! ને આત્મધર્મમાં ધર્મસંસ્કારો પ્રત્યે તેને કેવો રંગ હશે!!–એનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે એની છ રૂા. ની રકમ છ કરોડ કરતાંય વધુ કિંમતી લાગે છે, ને નાની બચતનો મોટો ઉપયોગ કરનાર એ બાળકપ્રત્યે ધન્યવાદના ઉદ્ગાર નીકળે છે.

# બાળકોમાં ધર્મસંસ્કારના આંબા રોપવાની જરૂર

દાદર (મુંબઈ) કહાનનગર સોસાયટીમાંથી શ્રી નિજાનંદભાઈનો વિસ્તૃત પત્ર છે, તેમાં બાળકોને ધાર્મિક શિક્ષણ માટેની ખાસ હિમાયત કરતાં લખે છે કે–

“આપણું ‘આત્મધર્મ’ આજકાલ બહુ જ ઝડપથી સફળતાનાં શિખરો સર કરી રહ્યું છે; તેમાં પણ ખાસ કરીને ‘બાલવિભાગ’ તથા ‘વાંચકો સાથે વાતચીત’ માંના સવાલ–જવાબથી ઘણે અંશે પ્રગતિ વધી છે. લૌકિકમાં કહેવાય છે કે કૂમળા છોડને જેમ વાળીએ તેમ વળે, તે લોકોત્તરમાં પણ કંઈક અંશે લાગુ પડી શકે. (એટલે કે બાળકોને નાનપણથી ધર્મના જેવા સંસ્કાર પાડીએ તેવા પડે.) ઘણા વખતથી થતું હતું કે બાળકોમાં નાનપણથી જો ધાર્મિક સંસ્કારનાં બીજ રોપાયાં હોય તો વહેલા મોડા પણ તેમાંથી ધાર્મિકવૃક્ષની વૃદ્ધિ થાય. આ સંબંધમાં સોનગઢના બાળકો અત્યંત ભાગ્યશાળી ગણાય (કેમકે સત્સંગે તેને ધાર્મિક સંસ્કારો મળ્યા કરે). પરંતુ સોનગઢ સિવાયના બહારગામના હજારો બાળકો માટે ધાર્મિકસંસ્કારનું શું! માત્ર વેકેશનમાં વર્ષમાં બાવીસ દિવસ પૂરતો શિક્ષણવર્ગ એ પૂરતું ન ગંણાય (તેમજ તેનો લાભ બધા લઈ પણ ન શકે). બાળકોને ધાર્મિક શિક્ષણથી ને ધાર્મિક વાતાવરણથી સતેજ રાખવો હોય તો તેને તેવા સંસ્કાર નિયમિત મળ્યા કરે એવું ‘કંઈક’ કરવું જોઈએ, તે માટે ચોક્કસ મુદતે નિયમિતપણે (periodically) સહેલું ધાર્મિક સાહિત્ય બાળકોના હાથમાં આપવું જોઈએ,–કે જે વાંચવા માટે તે હોંશે હોંશે પ્રેરાય. ‘આત્મધર્મ’ જેવા જુના અને જાણીતા સામાયિક આવું સાહિત્ય પૂરૂં પાડી શકે. જે હમણાં ‘બાલવિભાગ’ દ્વારા કંઈક અંશે અસ્તિત્વમાં આવ્યું ને હજારો બાળકોએ સહર્ષ વધાવ્યું. આત્મધર્મના ‘વાંચકો સાથે વાતચીત’ વિભાગે મને પ્રભાવીત કર્યો છે.”

નિજાનંદભાઈ! આપનો પત્ર વાંચીને આનંદ થયો; બાળકોને ધાર્મિક સંસ્કાર આપવા માટેની જે ઈત્કટ ભાવના આપે દર્શાવી તેવી જ ઉત્તમ ભાવના સાથે આપણે તે પ્રવૃત્તિ ઉપાડી છે, અને આપના જેવા બાલપ્રેમી સાધર્મીઓના સહકારથી આપણે તેમાં ખૂબ વિકાસ કરીને હજારો બાળકોમાં ધર્મપ્રેમના મધુર આંબા રોપવા સફળ થઈશું–એવો વિશ્વાસ છે. (દિવ્યધ્વનિને લગતા આપના પ્રશ્નોના જવાબ પછી લખીશું.)

# બાળકોની તત્ત્વજિજ્ઞાસા

વિદ્યાર્થીઓના શિક્ષણવર્ગમાં આવેલ અનેક બાળકો જિજ્ઞાસાથી તત્ત્વચર્ચામાં ભાગ લેતા ને કોઈકવાર પ્રશ્ન પણ પૂછતા. આવી તત્ત્વચર્ચાનો લાભ બાલવિભાગના બીજા બાળકો પણ મેળવે એવી ભાવનાથી એક બાળકે પૂ. ગુરુદેવ સમક્ષ થયેલ પ્રશ્નોત્તર લખી મોકલેલ, તે અહીં આપેલ છે. (લખાણ સાથે તે સભ્યનું નામ કે નંબર લખેલા ન હોવાથી આપી શક્યા નથી.)

(૧) પ્રશ્નઃ– કેવળજ્ઞાની ભગવાનને કેવળજ્ઞાન થાય છે ને આપણને કેમ થતું નથી? (બાળકોમાં નાનપણથી જ કેવળજ્ઞાનની આસ્તિકતાના ને તેની ભાવનાના સંસ્કાર કેવા પોષાય છે તે પ્રશ્નમાં દેખાય છે.)

ઉત્તરઃ– તે પ્રકારનો પુરુષાર્થ પોતે નથી કરતો માટે; પહેલાં તો આત્મામાં કેવળજ્ઞાન થવાની તાકાત છે એવી શ્રદ્ધા ને ઓળખાણ કરવી જોઈએ; એવી શ્રદ્ધા જે કરે તેને અલ્પકાળમાં કેવળજ્ઞાન જરૂર થાય.

(૨) પ્રશ્ન– અમારા જેવા નાની ઉંમરના બાળકોને સમ્યગ્દર્શન કેમ થાય?

ઉત્તરઃ– બધા આત્મા અનાદિના છે એટલે ખરેખર આત્મા મોટો કે નાનો નથી. મોટી ઉમરનાને જે કરવાથી સમ્યગ્દર્શન થાય છે, નાની ઉમરનાને પણ તે જ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. નાના કે મોટા જે કોઈ જીવ આત્માનો પરમ પ્રેમ પ્રગટ કરીને અંતર્મુખદ્રષ્ટિ કરે તેને સમ્યગ્દર્શન થાય છે. બધાને માટે સમ્યગ્દર્શનનો એક જ ઉપાય છે.

(૩) પ્રશ્નઃ– જીવને તાત્કાલિક આનંદ કેમ થાય?

ઉત્તરઃ– આનંદના દરિયામાં ડુબકી મારે કે તરત! આ આત્મા આનંદસ્વભાવથી ભરપૂર છે, તેને ઓળખીને જ્યારે જ્યારે આત્મા તેમાં એકાગ્ર થાય કે તત્ક્ષણે તેને અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. (આ ક્ષણે આપણે આત્મામાં ઉપયોગ મુકીએ તો અત્યારે જ આપણને આનંદ થાય.) એવા આનંદને અનુભવવા માટે પહેલાં તેની લગની લગાડીને ખૂબ અંતરમાં અભ્યાસ કરવો જોઈએ.

(૪) પ્રશ્નઃ– ચોથા ગુણસ્થાને નિર્વિકલ્પદશા વખતે આત્મામાં શું થાય છે?

ઉત્તરઃ– આત્માના પરમ આનંદનો અનુભવ થાય છે.

***

## ઘાટકોપર ( મુંબઈ ) માં પ્રભુ પધાર્યા

ઘાટકોપર–મુમુક્ષુમંડળ તરફથી શુભ સમાચાર છે કે તા. ૧૨–૬–૬૬ ના રોજ ત્યાંના સ્વાધ્યાય મંદિરના ઉદ્ઘાટનનો મહોત્સવ આનંદપૂર્વક ઉજવાયો હતો. તે પ્રસંગે સવારમાં શાંતિનાથ ભગવાનની સ્વાગત–યાત્રા શરૂ થઈ હતી ને દિગંબર જિનમંદિરે ( મધુકુંજ, નવરોજ ક્રોસ લેન ) આવી હતી. રાજકોટના શ્રી પ્રમોદભાઈ દલપતરામના સુહસ્તે પ્રભુજીને વેદી ઉપર બિરાજમાન કર્યા હતા. ત્યારબાદ સ્વાધ્યાયમંદિરનું ઉદ્ઘાટન, તથા જિનવાણીની સ્થાપના વગેરે વિધિ ભાઈશ્રી મણિલાલ જેઠાલાલ શેઠ તથા પ્રાણલાલ ભાઈચંદ દેસાઈના સુહસ્તે થઈ હતી. ઘાટકોપરના અગ્રગણ્ય નાગરીકો તેમજ મુંબઈ મુમુક્ષુમંડળના ઘણા ભાઈઓ આ વખતે ઉપસ્થિત હતા ને આ પ્રસંગે ૧૮, ૦૦૦ ( અઢાર હજાર ) રૂા. નું ફંડ થયું હતું. જિનેન્દ્રભગવાનની પધરામણી થતાં ઘાટકોપરના મુમુક્ષુ ભાઈ–બહેનોને ઘણો હર્ષોલ્લાસ થયો હતો. જિનેન્દ્રદેવની મંગલ છાયામાં ધર્મવૃદ્ધિ થાય એવી ભાવના સાથે ઘાટકોપર મુમુક્ષુમંડળને વધાઈ !

## માટુંગાની વૈરાગ્યપ્રેરક ઘટના !

તાજેતરમાં ( તા. ૧૩–૬–૬૬ ની સવારમાં ) મુંબઈ–માટુંગા પાસે જે અતિ કરુણ રેલ્વે અકસ્માત બની ગયો ને જેણે ૬૦ જેટલા મનુષ્યોનું જીવન તત્કાળ છીનવી લીધું –એ ઘટના અત્યંત વૈરાગ્યપ્રેરક છે....અરે અનિત્યતા !! સવારે ઘેરથી નીકળેલો માનવી સાંજે પાછો જીવતો ઘરે પહોંચશે કે નહિ તે પણ જેમાં નક્કી નથી–એવો આ ક્ષણભંગુર સંસાર.....તેમાં તારા જીવનનો એવો ઉત્તમ સદુપયોગ કર કે જેથી જીવનની ક્ષણે ક્ષણ સફળ થાય. જીવનની એક પળનેય વ્યર્થમાં ન ગુમાવ.... એકેક પળને મહા કિંમતી જાણ ને આત્મહિત માટે તેનો ઉપયોગ કર. પરિભ્રમણના પંથેથી પાછો વળીને સિદ્ધિના પંથે પ્રયાણ કર.

લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું ? તે તો કહો;
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો !
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો;
એનો વિચાર નહીં અહોહો, એક પળ તમને હૂવો.

# વાંચકો સાથે વાતચીત

## ( જિજ્ઞાસુઓના વિવિધ વિચારોને વ્યક્ત કરતો પાઠકોનો પ્રિય વિભાગ )

કહાનનગર સોસાયટી ( દાદર ) થી એક કોલેજિયન બહેન લખે છે કેઃ–

“બાલવિભાગના સભ્યોના આંકડા જોયા ને અમને તો તરત જ સભ્ય બનવાનું મન થઈ ગયુ હતું, પણ અમને એમ હતું કે બાલવિભાગ ફકત શાળાના બાળકો તથા ૧૬ વર્ષની નીચેનાં બાળકો માટે જ છે. પણ જ્યારે ૨૭૨ નંબરનું આત્મધર્મ જોયું અને તેમાં કોલેજિયન સભ્યોનો પત્ર વાંચ્યો, ત્યારે અમારી માન્યતા ખોટી છે એવું ભાન થતાં તરત સભ્ય થવા માટે પત્ર લખવા બેસી ગયા.

બાલવિભાગમાં જે પ્રશ્નો છે તે પણ ખૂબ રસપ્રદ છે, અમને તેમાંથી કેટલાંય આવડતાં હોતાં નથી, ત્યારે તો એમ જ થાય છે કે આત્મધર્મમાં ખૂબ વર્ષોથી આવા બધા પ્રશ્નો ને જવાબો આવતાં હોત તો કેવું સારૂં થાત! ભાઈ, આવું પાયાનું અને ચોક્કસ તેમજ શાસ્ત્રીય ધાર્મિક જ્ઞાન દરેકને વિનામૂલ્યે આપવા બદલ, તેમજ અમારામાં રસ જગાડવા બદલ આપના અમે ખુબખુબ આભારી છીએ.”

વાસંતીબેન M.A. ના આ પત્રની સાથે ૨૩ સભ્યોએ બાલવિભાગમાં નામ લખાવ્યાં છે–જેમાંના કેટલાક M.A. માં, B.A. માં, B.Sc. માં કે L.L.B. વગેરેમાં અભ્યાસ કરે છે. આવા કોલેજશિક્ષણની સાથે સાથે પણ ધાર્મિક શિક્ષણ માટે તેઓ આટલો બધો રસ ધરાવે છે તે પ્રશંસનીય છે. બહેન, તમારા જેવા કોલેજિયન ભાઈ–બહેનો આત્મધર્મના બાલવિભાગના સભ્ય બનીને અધ્યાત્મવિદ્યામાં રસ લ્યે તેને અમે માત્ર આપણા બાલવિભાગનું જ નહિ પણ જૈનસમાજનું ગૌરવ સમજીએ છીએ. જેમ સોનગઢમાં સંતોની છાયામાં વસતા ૫૦ જેટલા કુમારિકા બહેનોએ વિલાસીતા ઉપર આધ્યાત્મિકતાનો વિજય સિદ્ધ કરી બતાવ્યો છે, તેમ આપણા જૈન કોલેજિયનો પણ ધાર્મિક તત્ત્વજ્ઞાનમાં રસ લઈને લૌકિક વિદ્યા ઉપર અધ્યાત્મવિદ્યાનો વિજય સિદ્ધ કરી બતાવો–એમ અમે ઈચ્છીએ છીએ.

એક ઉત્સાહી ભાઈ લખે છે–બાલવિભાગ એટલે હજાર બાળકોને પોસ્ટદ્વારા શિક્ષણ આપતી પાઠશાળા; ધર્મ પ્રભાવનાના ઉત્કૃષ્ટ નિમિત્તરૂપ પૂ. ગુરુદેવના હૃદયમાંથી સતત અવિરત નીતરતા વાત્સલ્યભાવનું દોહન કરી આત્મધર્મમાં પીરસો છો તેને માટે ખુબ ધન્યવાદ! બાલવિભાગ શરૂ કરીને ધાર્મિક શાળા જ શરૂ કરી છે; પણ એકમાસનું અંતર

લાંબું પડે છે; પાક્ષિક કે અઠવાડિક થાય ને તે અંતર ઘટે તો વધારે લાભનું ને પ્રભાવનાનું કારણ થાય.

પ્રવીણભાઈ ( નં. ૩૧ ) ભાવનગરથી લખે છે કે હું બાલવિભાગનો સભ્ય છું એટલે જિનવરનો સન્તાન છું. ને પૂછે છે કે–ચોથાથી અગિયારમા ગુણસ્થાન સુધીમાં જ હોય તે ક્યો ભાવ ?

ઉત્તરઃ– ઔપશમિકભાવ.

ભાઈ, હવે હું તમને પૂછું છું કે–ઉદયભાવના ગુણસ્થાન કેટલા ? અને ક્ષાયિકભાવના કેટલા ? તથા ૧ થી ૧૨ ગુણસ્થાનો સુધીમાં બધે હોય ને પછી ન હોય એ ક્યો ભાવ ?

અમદાવાદથી શ્રી રમણભાઈ લખે છે કે–“આત્મધર્મના જેઠ માસના અંકમાં પૃથ્વીની પ્રદક્ષિણા શિર્ષક લેખ વાંચ્યો. ખુબ જ આનંદ. આજના વિજ્ઞાનપ્રાધાન્ય વિષમકાળમાં આવા લેખો આધ્યાત્મિક જગતને–સમાજને ખુબ જ ઉપયોગી અને માર્ગદર્શક છે, અને જિનવાણીની શ્રદ્ધા ટકાવવા માટે ઉપકારક છે. પુનઃપુનઃ અનુમોદના” ( ભાઈશ્રી, આપની વાત સાચી છે. જૈન સિદ્ધાંતઅનુસાર વિશ્વનું સ્વરૂપ શું છે અને દ્વીપ–સમુદ્રોની રચના ક્યા પ્રકારે છે–તે સંબંધી જાણપણું આપણા જૈન બાળકોને હોય તે આજના યુગમાં અત્યંત જરૂરી છે. )

અહીં આ લખતાં લખતાં સામે ‘जैनमित्र’ માં આ સંબંધી થોડું લખાણ આવ્યું છે, તે અહીં આપીએ છીએ. कभी कभी जैन भाईओंको ऐसा कहते सुना गया है कि अगर आजका मानव रोकेट आदि के द्वारा चन्द्रमा पर पहूंच गया तो जैनशास्त्र मिथ्या हो जायेंगे। परंतु जैनशास्त्र त्रिकाल मिथ्या नहीं हो सकते। चांद पर पहूंच जाना कोई अचम्भेकी बात नहीं। [ मनुष्योंका गमन मध्यलोकमें, मेरुकी ऊंचाई तक संभव है, जब कि ] सूर्य–चन्द्रकी ऊंचाई मेरूपर्वतकी ऊंचाई से कम ही है। चन्द्र–सूर्य आगम के अनुसार सुमेरु पर्वतकी प्रदक्षिणा देते रहते है। मेरूपर्वतके उपर एक बालका अन्तर छौडकर प्रथम स्वर्ग है, वहां जाना मनुष्योके असंभव है; किन्तु चन्द्र आदि ज्योतिषी देवोंके विमान तो वहां से बहुत नीचे है। फिर जैनशास्त्रों परसे अपना श्रद्धान डांवाडोल करना कोई बुद्धिमानी नहीं। ( આધુનિક વિજ્ઞાન સાથે કદાચ મિલાન ન થઇ શકે તેથી જૈનસિદ્ધાન્તનું પ્રતિપાદન કરવામાં ગભરાવું ન જોઇએ, કેમકે આધુનિક વિજ્ઞાન અધૂરું છે, જૈનસિદ્ધાન્ત પૂર્ણતામાંથી પ્રગટેલા છે. )

નવનીત અને વિનોદ ( અમદાવાદ )–ભૈયા ! તમારા ભૂલાયેલા સભ્યનંબર શોધી આપ્યા છે ૪૧૦ અને ૪૧૧ છે. હવે ફરીને ન ભૂલશો. ( અમદાવાદમાં તો આપણા ઘણાંય બાલ–

સભ્યો છે, તેમની મદદ લઈને તમારો નંબર શોધી લીધો હોત તો ?

'આત્મધર્મ બાલવિભાગમાં ઘણું સરસ પ્રેરણાદાયી લખાણ છે; હું ઘણાં રસપૂર્વક વાંચું છું ને નવી પ્રેરણા લઉં છું."–પ્રવીણચંદ્ર જૈન ( ૪૪૫ ) : અમદાવાદ.

એક ભાઈ લખે છે–બાલવિભાગમાં મોટા માણસોને પણ રસ લેવાનું મન થઈ જાય છે; ગુરુદેવ સોનગઢમાં ભવકટીની વાત સંભળાવે છે.–પોતાને પોતાનો આત્મા વહાલો લાગ્યો હોય તેને આ વાત સાંભળતાં ઉલ્લાસ આવે. બાકી સંસાર કેવો ક્ષણભંગુર છે તેનો દાખલો આપતાં અમદાવાદના તે ભાઈ લખે છે કે–અહીં અમારી પોળમાં પાડોશના એક પૈસાદાર ભાઈનો ૨૪ વર્ષનો યુવાન દીકરો, પાંચ હજાર રૂા ખર્ચવા છતાં એપેન્ડીસાઈટના ઓપરેશનમાં ગુજરી ગયો; તેણે બી. એ. ની પરીક્ષા આપેલી. ઘરની અગાશીમાં પતંગ ઉડાડવા માટે તેના પિતાએ ખાસ ધાબું બંધાવેલું, પણ તે કામ અધૂરું રહ્યું ને જેને પંતગ ઉડાડવા માટે તે બંધાતું હતું તે જીવ બીજે ઊડી ગયો. પાછળથી બી. એ ની પરીક્ષાનું તેનું પરિણામ પાસ થયાનું આવ્યું.–પણ તે શું કામનું ? અરે કેવો વૈરાગ્ય પ્રસંગ !! એકના એક યુવાન પુત્રના વિયોગે જે દુઃખ લાગે છે તેવું ( તેથી પણ વધુ ) દુઃખ આત્માના વિરહનું લાગે, ત્યારે જીવને આત્મપ્રાપ્તિની ધગશ જાગે ને તે જીવ સર્વ ઉદ્યમથી આત્મપ્રાપ્તિ કરે જ.

રાજેન્દ્ર જૈન ( નં. ૩૮૯ ) ચોટીલાથી પૂછે છેઃ–

પ્રશ્નઃ– પરવસ્તુ ઉપરનું ગાઢ વલણ ને અનાદિનું અજ્ઞાન તોડવા એકલું વાંચન, વ્યાખ્યાન સાંભળવું ને જિનપ્રભુનું દર્શન કરવું એટલું જ બસ છે કે બીજો પુરુષાર્થ છે ?

ઉત્તરઃ– યથાર્થ આત્મજિજ્ઞાસાપૂર્વક શાસ્ત્રવાંચનમાં તેનું હાર્દ સમજવામાં આવે, વ્યાખ્યાન સાંભળતાં તેમાં સન્તો જે શુદ્ધાત્મસ્વરૂપ દર્શાવે છે તે લક્ષગત કરવામાં આવે ( અને એમ કરે તો જ સાચું સાંભળ્યું કહેવાય ), તથા જિન પ્રભુનાં દર્શન કરતાં તેમના સ્વરૂપની સાચી ઓળખાણ કરે તો જરૂર પર તરફનું વલણ છૂટીને સ્વતરફનું વલણ થાય ને અનાદિનું અજ્ઞાન તૂટી પડે. ( અહીં કહી તેવી ઓળખાણ સ્વ તરફના અપૂર્વ પ્રયત્ન વડે થાય છે, પર તરફના વિકલ્પ વડે તે થતી નથી. )

હર્ષાબેન પોરબંદર ( નં. ૫૮૦ ) પૂછે છે કે 'આત્મા કેમ દેખાતો નથી ?' એને જોવાની ખરી તમન્ના જાગતી નથી માટે ! બેન તમને આત્માને જોવાની જિજ્ઞાસાનો પ્રશ્ન ઊઠયો તે બહુ સારું છે. જિજ્ઞાસાથી આગળ વધતાં વધતાં જરૂર આત્મા દેખાશે. તમે આત્મસિદ્ધિની ગાથા મોઢે કરો છો તથા આત્મધર્મ વાંચો છો તે બહુ સારી વાત છે.

સભ્ય નં. ૧૦૫ ને માલુમ થાય કે, ધર્માત્માઓ પ્રત્યે તમને બહુમાન છે તે પ્રશંસનીય છે..... પરંતુ વ્યક્તિગત પ્રશ્નો આપણે લેતા નથી. 'દર્શન કથા' માટે અનેકવાર સૂચનાઓ છાપી, છતાં તમે રહી રહીને કેમ જાગ્યા ? ( પુસ્તક મોકલ્યું છે. )

અખિલ ભારતીય નવોદિત સાહિત્યસમાજના સંચાલક શ્રી દિનુભાઈ એન. ભાયાણી; લાઠી ( કલાપિનગર ) થી સહકારની ભાવના વ્યક્ત કરતાં લખે છે કે–

“બાલવિભાગ દ્વારા બાલમિત્રોમાં જૈનધર્મમાં અડગ રહેવાની તથા ધાર્મિક વાંચન કરવાની જે ખાસ ભાવના પ્રગટાવેલ છે તે ખુબ જ આવકારદાયક છે.....પ્રત્યેક સાધર્મી માતા–પિતાએ પોતાનાં બાળકોને ધર્મમાં રસ લેતાં, આત્મધર્મ વાંચતાં તથા નિયમિત દેવદર્શન કરતાં કરવા જોઈએ.

ધર્મને લગતા સારા સારા લખાણોની પુસ્તિકાઓ પ્રગટ કરવાનું પણ વિચારવું જોઈએ. અને બાલવિભાગના સભ્યોને તે પુસ્તકો ફ્રી મળે તેમ કરવું જોઈએ. આપ ઈચ્છશો તો આ સંસ્થા તરફથી શક્ય સહકાર મળશે. ‘આત્મધર્મ’ પાક્ષિક પ્રગટ કરવા માટેની ખાસ આવશ્યકતા છે–જે માટે આગેવાનોએ અવશ્ય વિચારવું જોઈએ”

( ભાઈશ્રી આપની લાગણી અને સહકારની ભાવના બદલ આભાર! બાલસાહિત્ય સંબંધી આપે સૂચવેલી બાબતો અમારા આયોજનમાં છે જ, અને સૌના સહકારથી ધીમે ધીમે આપ તે બાબતો કાર્યરૂપે થતી જોશો. આત્મધર્મ પાક્ષિક બાબત આપની જેમ બીજા અનેક જિજ્ઞાસુઓની ભાવના છે; આપની આ ભાવના સંસ્થાના આગેવાનો સમક્ષ રજુ કરીશું. )

જીવનું સ્વરૂપ શું? ( No : 134 તથા 407 )

જીવનું સ્વરૂપ જ્ઞાન. ‘आत्मा ज्ञानं, स्वयं ज्ञानं. . . . .’

ભેદભક્તિ અને અભેદભક્તિ એટલે શું? તેમાંથી હિતકારી કઈ? ( 246 ) પોતાથી ભિન્ન એવા પંચપરમેષ્ઠી વગેરેનાં ગુણો પ્રત્યેનું બહુમાન તે ભેદભક્તિ; અને પોતાથી અભિન્ન એવો જે આત્મસ્વભાવ તેના શ્રદ્ધા–જ્ઞાન–અનુભવરૂપ પરિણતિ તે અભેદભક્તિ; બંનેમાં જેટલે અંશે રાગ તૂટીને વીતરાગભાવ થયો તેટલો લાભ છે.

અભેદભક્તિ પ્રાપ્ત કરવા શું કરવું જોઈએ? ( 246 ) અભેદભક્તિરૂપે પરિણમેલા એવા જ્ઞાની–ધર્માત્મા પ્રત્યે ભક્તિપૂર્વક પહેલાં અભેદભક્તિનું યથાર્થ સ્વરૂપ લક્ષગત કરવું જોઈએ. સાચા લક્ષના ઘોલનથી તેની પ્રાપ્તિ થાય છે.

આત્મપ્રાપ્તિની તીવ્રભાવના અને પુરુષાર્થ કરું છું છતાં તેની પ્રાપ્તિ કેમ થતી નથી? ( 24 )

ભાઈ, તમારી વાત સાચી નથી, પણ તેમાં તો મોટી ભૂલ છે. આત્મપ્રાપ્તિનો સાચો પ્રયત્ન કરે તેને તેની પ્રાપ્તિ જરૂર થાય જ. જ્યાં આત્મપ્રાપ્તિ નથી થતી ત્યાં સમજી લેવું જોઈએ કે તેને માટેનો સાચો પ્રયત્ન નથી, પ્રયત્નમાં ક્યાંય ભૂલ છે. હવે ભૂલવાળો

–વિભાવનો પ્રયત્ન કરે અને એમ માને કે હું આત્માની પ્રાપ્તિનો ઘણો પ્રયત્ન કરું છું–એ તો કેવડી મોટી ભૂલ કહેવાય? આવી ભૂલથી બચવા માટે જ આત્મજ્ઞસંતજનોની સાક્ષાત્ ઉપાસનાનું ખાસ મહત્વ છે. જ્ઞાનીની છાયામાં આત્મપ્રાપ્તિનો ઉપાય સરલતાથી સમજાય છે.

ભગવાન બન્યા પછી સુખ–દુઃખ કાંઈ હોતું નથી–તો લાભ શો? ( 772 )

ભાઈશ્રી, ભગવાન બન્યા પછી દુઃખ નથી હોતું એ વાત સાચી, પરંતુ ત્યાં આત્મિક સુખ તો ભરપૂર હોય છે. પોતાના આત્મામાંથી જ સુખ ઉત્પન્ન થઈને આત્મા તે સુખને ભોગવે છે, ને તે સુખ એવું મજાનું છે કે સદાકાળ તેનો ભોગવટો ( અનુભવ ) કરવા છતાં કદી કંટાળો આવતો નથી. –જેમાં કોઈ બીજાની જરૂર ન પડે એવું સ્વાધીન આત્મસુખ અનુભવાય–એના જેવો લાભ આ જગતમાં બીજો કોઈ નથી. ભગવાનને સુખદુઃખનો અભાવ કહ્યો હોય ત્યાં ઈન્દ્રિયજન્ય પરાધીન સુખનો અભાવ સમજવો, સ્વાધીન આત્મસુખનો નહિ.

માત્ર જાણવું–જોવું, ( કરવું કાંઈ નહિ )–તેમાં તો જડતા જેવું ન જઈ જાય? ( 772 )

અરે ભાઈ! જાણવું–જોવું એ જ ચેતનનો સ્વભાવ છે; માત્ર જાણવું–તે કાંઈ જડતા નથી પણ તેમાં જ ખરી જાગૃતી છે; એમાં તો મહાન આનંદ, વીતરાગતા વગેરે ભાવો ભર્યા છે.

દાહોદના સભ્ય નં. ૪૦૭ લખે છે કે–“બાલવિભાગમાં જોડાયા બાદ જ્યારે દર્શનકથા ચોપડી મળી ત્યારથી મને ધર્મ પ્રત્યે પ્રેમ વધ્યો છે. બાલમિત્રો વધે ને બાલવિભાગ હજી ખીલે એવી આશા સાથે, બધા બાલમિત્રોને તેમના જન્મ દિવસે મારાવતી અભિનન્દન આપશો.”

રોમેશ જૈન ( 218 ), અમદાવાદ : આત્મધર્મ અંક ૨૭૨ માં ‘વીરપ્રભુના વંશજ’ તથા તેમની ૨૯ થી ૩૨ પેઢી વિષે વાંચીને આપને આનંદ થયો, ને ૧ થી ૩૨ પેઢી વિષે જાણવાની ઈન્તેજારી થઈ; તો ષટ્ખંડાગમ પુસ્તક ૧ ની પ્રસ્તાવના વાંચવાથી આપને તે સંબંધી ઘણી માહિતી મળશે.

મહાપુરુષોના જીવનપ્રસંગો વગેરે સંબંધી સાહિત્ય ગુજરાતી ભાષામાં ઘણું ઓછું છે. તમારી જેમ હજારો બાળકો એ સાહિત્ય માટે ઝંખી રહ્યા છે. આત્મધર્મમાં બધી વસ્તુઓ આપવાનું શક્ય નથી, કેમકે ચાલુ લેખોનો માંડમાંડ સમાવેશ થાય છે. આમ છતાં જિજ્ઞાસુઓ તરફથી ઉત્સાહભર્યા સહકારને લીધે આત્મધર્મનું કદ ધીમેધીમે વધારી રહ્યા છીએ. અને જેમ જેમ કદ વધતું જશે તેમ નવું નવું સાહિત્ય વિશેષ પ્રમાણમાં આપી શકશું. ઋષભદેવ પ્રભુનું ચરિત્ર આપને ખુબ ગમ્યું ને એ રીતે ચોવીસે ભગવંતોના ચરિત્ર આપવા માટે લખ્યું, તો ક્રમેક્રમે જરૂર આપીશું.

એક મુમુક્ષુઃ ‘નવભારત ટાઈમ્સ’ તથા ‘મુંબઈ સમાચાર’ માંથી સુધારોવધારો કરીને આપે લખેલ લખાણ મોકલ્યું....આપના લખાણમાં તત્ત્વના પ્રેમ કરતાં લેખક બનવાનો શોખ વધુ દેખાય છે. આપનું લખાણ મેળવાળું નથી; તેમજ પત્રમાં પોતાનું નામઠામ જણાવવું જોઈએ. આટલા સુચન પછી તમારા લખાણ ઉપરથી નવી ચાર લાઈન અહીં આપું છું–

ધન જાવે કછૂ ન જાય,
તન જાવે કછૂ ન જાય;
જો આત્મજ્ઞાનનો અવસર જાય,
તો સબહી જીવન નિષ્ફલ જાય.

દિલ્હીથી સભ્ય નં. 117 દીપક જૈન લખે છે કે–

વૈશાખ સુદ બીજે આપણા પૂ. ગુરુદેવનો જન્મ દિવસ અમે સૌએ આનંદથી ઉજવ્યો હતો. લાલમંદિરમાં સામૂહિક પૂજા અને સ્વાધ્યાયનો કાર્યક્રમ હતો. લાલમંદિરમાં ત્રણ દિવસ સુધી રોશની કરી હતી, ને જન્મવધાઈનાં વાજાં વગાડયા હતા. પાટનગરના લોકો જોઈ રહ્યા કે આ શું! ત્યાં તો જન્મ દિવસનું બોર્ડ જોઈ સહુ આનંદ અને આશ્ચર્ય અનુભવતા હતા.

મોરબીથી શ્રી કેશુભાઈ લખે છે કે જેઠ માસના અંકમાં મૂડબિદ્રિની જિનવાણીના દર્શનથી, તથા મુનિજીવનની મધુરી ઉર્મિઓ અને ષટ્ખંડાગમ–પરિચય વાંચીને ઘણો પ્રમોદ થયો. ઋષભદેવ ભગવાનના પૂર્વભવોની કથા વાંચતાં તો અષાઢના ‘આત્મધર્મ’ ની મેઘની માફક વાટ જોઈ રહ્યા છીએ” –ભાઈશ્રી! તમારી લાગણી માટે આભાર! જેની તમે રાહ જોતા હતા તે તમારા હાથમાં જ છે; –હવે શ્રાવણની રાહ જોશોને? ‘આત્મા ધર્મનેં પાક્ષિક કરવા સંબંધી આપની જેમ ઘણા જિજ્ઞાસુઓની ભાવના છે, ને માનનીય પ્રમુખશ્રીને તે વસ્તુ ખ્યાલમાં છે.

અમદાવાદથી ઉમેશભાઈ લખે છે કે બાલવિભાગનું અભિનંદનકાર્ડ તથા ફોટો મળ્યા; મારા જન્મદિવસે આવી સારી ભેટ જોઈ સૌ આનંદ પામ્યા. જન્મદિવસ નિમિત્તે મેં બે પ્રાર્થના વધુ કરી. ‘બે સખી’ અને ‘દર્શનકથા’ એ પુસ્તકો મારી બાને ખૂબ ગમ્યા છે ને વારેઘડીયે તે કથા વાંચે છે. વાંચતી વખતે તેમની આંખમાંથી અવશ્ય આંસુ ટપકે છે, ને દુઃખો ભૂલાઈ જાય છે, ને શાંતિ થાય છે. તેમને આત્મધર્મ ખુબ જ ગમે છે.

દાહોદથી શૈલેષ ( 407 ) લખે છે કે જન્મદિવસે તમારા તથા બાલવિભાગના વહાલા બંધુઓના અભિનંદન મળતાં આનંદ થયો. જન્મદિવસે તો એમ થાય કે જીવનમાંથી એક વર્ષ ઓછું થયું; પણ આ વખતના જન્મદિવસે મને ધર્મનો ઉત્સાહ વધ્યો. શાળાનું ભણતર તો ભણતા, પણ ધર્મના ભણતરમાં તો આ જ વર્ષે મેં પ્રગતી કરી; તેથી આ જન્મદિવસ આનંદનો ગયો છે. બાલવિભાગના સભ્ય થવા માટે હું બીજાને ભલામણ કરું છું, ધર્મ પ્રત્યે બાળકોને રસ વધે તેવું માસીક આપણું આત્મધર્મ જ છે.

રાજકોટથી દીપાબેન ( 251 ) લખે છે કે બાલવિભાગ તરફથી મારા જન્મદિવસે અભિનંદનનું કાર્ડ મળ્યું તે વાંચી ખૂબ આનંદ થયો. સાથે ગુરુદેવનો ફોટો મળ્યો. તે જોતાં ખુબ આનંદ આવે છે. હું નાની છું તેથી મોટા દેરાસર જતી નથી, પણ ઘીયાના ઘેર દેરાસર છે ત્યાં જાઉં છું.

ममताबेन ( 407 ) खंडवा થી પૂછે છે–પાત્રતા લાવવા માટે શું કરવું ?

મમતાબેન, સંસારની મમતાનો ત્યાગ કરીને, આત્મહિત સાધવાની ઉગ્ર જિજ્ઞાસા પ્રગટ કરવી તે પાત્રતા છે; જ્યાં સંસારની મમતા ન હોય ત્યાં સંસારસંબંધી ભાવોની તીવ્રતા પણ ક્યાંથી હોય ? જ્ઞાનીજનોને ઓળખી, આત્મહિત સાધવાની ભાવનાથી તેમના સત્સંગમાં રહેતાં પાત્રતાની પુષ્ટિ થાય છે. વળી તમે લખો છો કે 'ज्ञानीओंके चरणोंमें रहनेकी उत्सुक हूं।' –तो बहेन, आपकी इस भावनामें हमारी अनुमोदना है।

વિજયકુમાર જૈન ( 414 ) ભાવનગર–તમે રોજ રાતે પહેલાં પંચપરમેષ્ઠીનું સ્મરણ કરો છો, તથા 'દર્શનકથા' વાંચ્યા પછી રોજ સવારે જિનેન્દ્ર ભગવાનના દર્શન કર્યા પછી જ બીજું કામ કરવાનો નિશ્ચય કર્યો છે, –તે બદલ ધન્યવાદ ! આત્મધર્મમાં બાલવિભાગ ખુલ્યા પછી તમે ધર્મમાં વધુ રસ લઈ રહ્યા છો–તે જાણીને આનંદ.

એક હજાર બાળકોનાં કોમળ હૈયાની જિજ્ઞાસાને ખીલવતો આ વિભાગ ખુબ જ વિકસી રહ્યો છે. આ વિભાગ જિજ્ઞાસુઓમાં એટલો પ્રિય થયેલ છે કે તેને માટે દર મહિને બસો જેટલા પત્રો આવે છે. તેમાંથી ઉપયોગી પત્રો અને પ્રશ્નો ચૂંટીચૂંટીને લઈએ છીએ, છતાં પણ આત્મધર્મમાં તેનો પૂરો સમાવેશ થઈ શકતો નથી. આ વખતે હજી કેટલાય બાળકોને તથા બીજા જિજ્ઞાસુઓની વાત છાપવાની બાકી રાખવી પડી છે, જે હવે પછી આપીશું. બાળકો, તમારા હૃદયમાં તત્ત્વ સમજવાની જિજ્ઞાસા જાગે તેને અમે આવકારીએ છીએ. ( બ્ર.હ.જૈન )

## -तो मूर्खचा सरदार

રાજગૃહીનગરીમાં વીરપ્રભુની દિવ્યવાણી સાંભળીને રાજકુમાર વારીષેણ વૈરાગ્ય પામે છે ને દીક્ષા લેવા તૈયાર થયો છે....ત્યારે તેની પરીક્ષા કરતાં રાજા શ્રેણીક તેને પૂછે છે કે હે કુમાર! આવું યુવાન શરીર, આવો રાજવૈભવ અને સ્વરૂપવાન રાણી–એ બધા વૈભવને છોડીને એથી વિશેષ બીજો ક્યો વૈભવ શોધવા તું જાય છે? –

सारे वैभव चरणस्पर्शिते शचिसम सुंदर नार।

त्यजुनी सर्वा कुठे निघालास तूं सुकुमार?

ત્યારે વારિષેણકુમાર ઉત્તર આપે છે કે–

कोण कुणाचे आधार पिताजी,

अखिल वस्तु स्वाधार।

बनवी परद्रव्याला जो आधार

तो मूर्खाचा सरदार।।

હે પિતાજી! જગતમાં કોણ કોનો આધાર છે! બધી વસ્તુઓ પોતપોતાના સ્વ–આધારે જ છે. એટલે મારા આત્માનો વૈભવ પણ મારા આત્માના જ આધારે છે, પરદ્રવ્યમાં નિજવૈભવ જરાપણ નથી; આવા નિજવૈભવને પ્રાપ્ત કરવા હું જાઉં છું. નિજવૈભવને ભૂલીને પરદ્રવ્યને જે પોતાના વૈભવનો આધાર બનાવવા માંગે છે તે મૂરખનો સરદાર છે. ('सम्मति' મરાઠીના આધારે)

*****

## જ્યાં ઝેર પણ અમૃત બની જાય છે.

ઝેરપણે પરિણમેલા જગતના પરમાણુઓ, જ્યાં વીતરાગમાર્ગી મુનિના હાથમાં આવે ત્યાં અમૃતરૂપે પરિણમી જાય....અહા, મોક્ષમાર્ગના આનંદરૂપી અમૃતને સાધનારા મુનિરાજની સમીપ ઝેર કેમ રહી શકે? એ તો અતીન્દ્રિય આનંદના અમૃતનું ભોજન કરનારા છે.

卐

# અમે બાલવિભાગનાં સભ્ય; અમે જિનવરના સંતાન

(બાળકોએ બાલવિભાગમાં અસાધારણ ઉત્સાહ બતાવ્યો છે, ને નવા નવા સભ્યોનો જોસદાર પ્રવાહ હજી ચાલુ જ છે. અનેક જિજ્ઞાસુઓ તરફથી પણ બાલવિભાગને ઉત્સાહથી પ્રોત્સાહન મળ્યું છે; ને બાળકોમાં મૂળથી ઊચ્ચ કક્ષાના ધાર્મિક સંસ્કાર રેડવા માટે આ પ્રકારના બાલવિભાગની અત્યંત આવશ્યકતા સૌએ સ્વીકારી છે. આ રીતે બાળકોનો આ વિભાગ આનંદથી વિકસી રહ્યો છે. નવા બાલસભ્યોનાં નામોની યાદી અહીં આપી છે–)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭૭૮ | નવીનચંદ્ર શાંતીલાલ જૈન | મુંબઈ–૨૬ | ૮૦૪ | હર્ષદ રમણીકલાલ જૈન | ગઢડા |
| ૭૭૯ | રવીન્દ્ર સવાઈલાલ જૈન | મુંબઈ–૭૭ | ૮૦૫ | दश पूरनचंद जैन | – |
| ૭૮૦ | મધુરી સવાઈલાલ જૈન | મુંબઈ–૭૭ | ૮૦૬ | હર્ષદ હિરાલાલ જૈન | મોરબી |
| ૭૮૧ | ભારતી સવાઈલાલ જૈન | મુંબઈ–૭૭ | ૮૦૭ | લલીત એચ. જૈન | મોરબી |
| ૭૮૨ | લતા સવાઈલાલ જૈન | મુંબઈ–૭૭ | ૮૦૮ | સેવંતી ફુલચંદ જૈન | મોરબી |
| ૭૮૩ | જયશ્રી ચંદુલાલ જૈન | મુંબઈ–૭૭ | ૮૦૯ | અરવીંદ જેઠાલાલ જૈન | મોરબી |
| ૭૮૪ | અનિલકુમાર ચિમનલાલ જૈન | જલગામ | ૮૧૦ | જસવંતરાય જમનાદાસ જૈન | અમરેલી |
| ૭૮૫ | કીરીટકુમાર પ્રાણલાલ જૈન | ખાંભા | ૮૧૧ | ધનસુખરાય અમૃતલાલ જૈન | અમરેલી |
| ૭૮૬ | રમેશચંદ્ર પ્રાણલાલ જૈન | ખાંભા | ૮૧૨ | નીલાબેન ત્રીકમલાલ જૈન | સુરેન્દ્રનગર |
| ૭૮૭ | અતુલ પ્રાણલાલ જૈન | ખાંભા | ૮૧૩ | રૂક્ષમણીબેન જીવરાજ જૈન | મલાડ |
| ૭૮૮ | નયનાબેન ચિમનલાલ જૈન | મુંબઈ–૧ | ૮૧૪ | ચારૂબાળા છબીલદાસ જૈન | મલાડ |
| ૭૮૯ | કલ્પના હિંમતલાલ જૈન | વઢવાણ | ૮૧૫ | તરૂલતા છબીલદાસ જૈન | મલાડ |
| ૭૯૦ | અરવીંદકુમાર મગનલાલ જૈન | સાવરકુંડલા | ૮૧૬ | જયશ્રીબેન વર્ધમાન જૈન | ગઢડા |
| ૭૯૧ | હરિશભાઈ પ્રેમચંદ જૈન | લાઠી | ૮૧૭ | વાસંતીબેન ગુણવંતરાય જૈન | મુંબઈ–૨૮ |
| ૭૯૨ | પ્રકાશ મનસુખલાલ જૈન | કલકત્તા–૧ | ૮૧૮ | ગુણવંતરાય પ્રેમચંદભાઈ જૈન | મુંબઈ–૨૮ |
| ૭૯૩ | પ્રવિણચંદ્ર અંબાલાલ જૈન | જંત્રાલ | ૮૧૯ | હેમંતકુમાર નગીનદાસ જૈન | મુંબઈ |
| ૭૯૪ | ભાયાણી દીલીપ વાડીલાલ જૈન | – | ૮૨૦ | કોકીલાબેન એન. જૈન | મુંબઈ |
| ૭૯૫ | જસવંત કાન્તીલાલ જૈન | લખતર | ૮૨૧ | શોભાબેન એન. જૈન | મુંબઈ |
| ૭૯૬ | પંકજ રમણીકલાલ જૈન | હિંમતનગર | ૮૨૨ | મધુસુદન એન. જૈન | મુંબઈ |
| ૭૯૭ | કમલેશ આર. જૈન | હિંમતનગર | ૮૨૩ | મુકેશચંદ્ર એન. જૈન | મુંબઈ |
| ૭૯૮ | છાયાબેન આર. જૈન | હિંમતનગર | ૮૨૪ | ધીમંતકુમાર એન. જૈન | મુંબઈ |
| ૭૯૯ | નંદિકાબેન નગીનદાસ જૈન | હિંમતનગર | ૮૨૫ | લીલાબેન કાલીદાસ જૈન | મુંબઈ–૧૯ |
| ૮૦૦ | સરજૂ અમૃતલાલ જૈન | હિંમતનગર | ૮૨૬ | રસીલાબેન કાલીદાસ જૈન | મુંબઈ–૧૯ |
| ૮૦૧ | સુરેશ ખીમજીભાઈ જૈન | – | ૮૨૭ | અનીલાબેન કાલીદાસ જૈન | મુંબઈ–૧૯ |
| ૮૦૨ | ભરતકુમાર વર્ધમાન જૈન | ગઢડા | ૮૨૮ | મહેશચંદ્ર કાળીદાસ જૈન | મુંબઈ–૧૯ |
| ૮૦૩ | દિલીપ રમણીકલાલ જૈન | ગઢડા | ૮૨૯ | ભુપેન્દ્રકુમાર કાળીદાસ જૈન | મુંબઈ–૧૯ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮૩૦ | રાજેન્દ્રકુમાર ગુણવંતરાય જૈન | ઘાટકોપર | ૮૬૪ | पुण्येन्द्रकुमार मदनलालजी जैन | उदयपुर |
| ૮૩૧ | હંસાબેન ગુણવંતરાય જૈન | ઘાટકોપર | ૮૬૫ | આશિષકુમાર અનંતરાય જૈન | સોનગઢ |
| ૮૩૨ | ભરતકુમાર ગુણવંતરાય જૈન | ઘાટકોપર | ૮૬૬ | મનહરલાલ મગનલાલ જૈન | વડોદરા |
| ૮૩૩ | ચંદ્રકાંત ગુણવંતરાય જૈન | ઘાટકોપર | ૮૬૭ | બકુલચંદ્ર વૃજલાલ જૈન | મુંબઈ–૨ |
| ૮૩૪ | રીટાબેન ગુણવંતરાય જૈન | ઘાટકોપર | ૮૬૮ | સુરેખાબેન એચ. જૈન | ભાવનગર |
| ૮૩૫ | મહેન્દ્રકુમાર રસીકલાલ જૈન | જામનગર | ૮૬૯ | કીર્તીકુમાર એચ. જૈન | ભાવનગર |
| ૮૩૬ | ભારતીબેન રસીકલાલ જૈન | જામનગર | ૮૭૦ | ચંદ્રકાંત એચ. જૈન | ભાવનગર |
| ૮૩૭ | પ્રદિપકુમાર રસીકલાલ જૈન | જામનગર | ૮૭૧ | કીશોરકુમાર એચ. જૈન | ભાવનગર |
| ૮૩૮ | કિર્તીભાઈ રસીકલાલ જૈન | જામનગર | ૮૭૨ | बिमलचंद नाथुलालजी जैन | कुचामन सीटी |
| ૮૩૯ | આશાબેન રસીકલાલ જૈન | જામનગર | ૮૭૩ | સંતોષકુમાર હિરાલાલ જૈન | કુચામન સીટી |
| ૮૪૦ | શાહ જ્યોત્સના પારસરાય જૈન | રાજકોટ | ૮૭૪ | લાલચંદ હિરાલાલ જૈન | કુચામનસીટી |
| ૮૪૧ | ચેતનકુમાર સી. જૈન | મોરબી | ૮૭૫ | મનસુખભાઈ વેલજી જૈન | મુંબઈ |
| ૮૪૨ | નરેન્દ્રકુમાર સી. જૈન | મોરબી | ૮૭૬ | સુસ્મીતાબેન શશીકાંત જૈન | રાજકોટ |
| ૮૪૩ | જિનેન્દ્રકુમાર રમેશચંદ્ર. જૈન | મોરબી | ૮૭૭ | પ્રવિણચંદ્ર મનસુખલાલ જૈન | ટાટમ |
| ૮૪૪ | પ્રકાશચંદ્ર રમેશચંદ્ર જૈન | મોરબી | ૮૭૮ | દિનેશચંદ્ર મનસુખલાલ જૈન | ટાટમ |
| ૮૪૫ | કમલેશકુમાર જયંતીલાલ જૈન | દાહોદ | ૮૭૯ | દિલીપકુમાર વનેચંદ જૈન | મોરબી |
| ૮૪૬ | ઈલાબેન છોટાલાલ જૈન | દામનગર | ૮૮૦ | શૈલેષકુમાર રમણીકલાલ જૈન | જેતપુર |
| ૮૪૭ | ધનસુખરાય અમૃતલાલ જૈન | અમરેલી | ૮૮૧ | જયકુમાર પટવારી જૈન | कुचामन |
| ૮૪૮ | હર્ષાબેન હેમંતલાલ જૈન | લીંબડી | ૮૮૨ | નરેન્દ્રકુમાર હરજીવનદાસ જૈન | અમદાવાદ |
| ૮૪૯ | જયેશકુમાર હેમંતલાલ જૈન | લીંબડી | ૮૮૩ | નવનીતકુમાર હરજીવનદાસ જૈન | અમદાવાદ |
| ૮૫૦ | નરેન્દ્રકુમાર ઉત્તમચંદ જૈન | મોરબી | ૮૮૪ | અરવીંદકુમાર હરજીવનદાસ જૈન | અમદાવાદ |
| ૮૫૧ | જયશ્રીબેન ઉત્તમચંદ જૈન | મોરબી | ૮૮૫ | વિનયચંદ્ર હરજીવનદાસ જૈન | અમદાવાદ |
| ૮૫૨ | સ્મિતાબેન ઉત્તમચંદ જૈન | મોરબી | ૮૮૬ | રમેશચંદ્ર અમૃતલાલ જૈન | ફતેપુરમોટા |
| ૮૫૩ | દિલીપકુમાર ભોગીલાલ જૈન | મોરબી | ૮૮૭ | જિતેન્દ્રકુમાર નંદલાલ જૈન | બોટાદ |
| ૮૫૪ | દિપકકુમાર રમેશચંદ્ર જૈન | ઘાટકોપર | ૮૮૮ | વિજયકુમાર મુલચંન્દ્રજી જૈન | कुचामन |
| ૮૫૫ | શૈલાબેન રમેશચંદ્ર જૈન | ઘાટકોપર | ૮૮૯ | સુરેશચંદ્ર મણીલાલ જૈન | સરડોઈ |
| ૮૫૬ | સરોજબેન હજારીમલ જૈન | દાહોદ | ૮૯૦ | કિશોરચંદ્ર હિંમતલાલ જૈન | જસદણ |
| ૮૫૭ | ઉષાબેન હજારીમલ જૈન | દાહોદ | ૮૯૧ | દિપકકુમાર રસીકલાલ જૈન | રાજકોટ |
| ૮૫૮ | જસુમતી ધારસીભાઈ જૈન | સોનગઢ | ૮૯૨ | વિજયકુમાર જયંતીલાલ જૈન | લાઠી |
| ૮૫૯ | નીમેશકુમાર વિક્રમચંદ જૈન | ટંકારા | ૮૯૩ | નરેન્દ્રકુમાર કનકરાય જૈન | વણી |
| ૮૬૦ | દિનેશચંદ જેવંતલાલ જૈન | મોરબી | ૮૯૪ | મહાવીરપ્રસાદ બરાજાપ્યા જૈન | कुचामन |
| ૮૬૧ | સુરેશચંદ્ર જેવંતલાલ જૈન | મુંબઇ–૨ | ૮૯૫ | નયનાબેન રમણીકલાલ જૈન | સુરેન્દ્રનગર |
| ૮૬૨ | નીતેશકુમાર વિક્રમચંદ જૈન | ટંકારા | ૮૯૬ | નીતીનકુમાર રમણીકલાલ જૈન | સુરેન્દ્રનગર |
| ૮૬૩ | નીલાકુમારી સી. જૈન | મોરબી | ૮૯૭ | જિનેશકુમાર રમણીકલાલ જૈન | સુરેન્દ્રનગર |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮૯૮ | પરીમલાબેન રમણીકલાલ જૈન | સુરેન્દ્રનગર | ૯૧૩ | સ્મીતાબેન અરવીંદભાઈ જૈન | વડોદરા |
| ૮૯૯ | સ્મિતાબેન રમણીકલાલ જૈન | સુરેન્દ્રનગર | ૯૧૪ | નીવેદીતા વિનુભાઈ જૈન | મુંબઈ |
| ૯૦૦ | કમલેશકુમાર રસીકલાલ જૈન | સુરેન્દ્રનગર | ૯૧૫ | ચેતનકુમાર વિનુભાઈ જૈન | મુંબઈ |
| ૯૦૧ | અજયકુમાર રસીકલાલ જૈન | સુરેન્દ્રનગર | ૯૧૬ | મુકુલભાઈ વિનુભાઈ જૈન | મુંબઈ |
| ૯૦૨ | વિભાબેન રસીકલાલ જૈન | સુરેન્દ્રનગર | ૯૧૭ | પારૂલબેન વિનુભાઈ જૈન | મુબંઈ |
| ૯૦૩ | અપૂર્વકુમાર હસમુખલાલ જૈન | સુરેન્દ્રનગર | ૯૧૮ | ભરતકુમાર જયંતીલાલ જૈન | મુંબઈ–૨ |
| ૯૦૪ | આરતીબેન હસમુખલાલ જૈન | સુરેન્દ્રનગર | ૯૧૯ | નરેન્દ્રકુમાર જયંતીલાલ જૈન | મુંબઈ–૨ |
| ૯૦૫ | દિજેશકુમાર હસમુખલાલ જૈન | સુરેન્દ્રનગર | ૯૨૦ | ભરતકુમાર રતનમલ જૈન | મુબંઈ–૨ |
| ૯૦૬ | રાજેશકુમાર જયંતીલાલ જૈન | વડોદરા | ૯૨૧ | કમલેશકુમાર રતનમલ જૈન | મુંબઈ–૨ |
| ૯૦૭ | હરેશકુમાર જયંતીલાલ જૈન | વડોદરા | ૯૨૨ | નવનીતકુમાર ચુનીલાલ જૈન | અમદાવાદ–૧ |
| ૯૦૮ | દિલીપકુમાર લાલચંદ જૈન | લીંબડી | ૯૨૩ | અશોકકુમાર મોતીલાલ જૈન | મુંબઈ–૨૮ |
| ૯૦૯ | રવિન્દ્ર હિંમતલાલ જૈન | મુંબઈ–૨૮ | ૯૨૪ | સુધાબેન મોતીલાલ જૈન | મુંબઈ–૨૮ |
| ૯૧૦ | દિપકકુમાર સુર્યકાંત જૈન | મુંબઈ–૫૭ | ૯૨૫ | દેવેન્દ્રકુમાર વેણીલાલ જૈન | સાંગલી |
| ૯૧૧ | સૈલેશકુમાર શશીકાંત જૈન | મુંબઈ–૬૬ | ૯૨૬ | જયેશકુમાર નંદલાલ જૈન | ધોરાજી |
| ૯૧૨ | રશ્મીકાંત રજનીકાંત જૈન | મુંબઈ–૬૬ | ૯૨૭ | જયશ્રીબેન નાનાલાલ જૈન | ધોરાજી |

## "આત્મધર્મ" ના વિકાસ માટે તથા બાલવિભાગ માટે

## આવેલ રકમોની સાભાર નોંધ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૧) | બાબુભાઈ ગોપાલદાસ | અમદાવાદ | ૨૫) | કિરિટકુમાર ચીમનલાલ (સ. નં. ૫૮૪) | સોનગઢ |
| ૨૩) | સ્વ. શાંતાબેન મણિલાલ પોપટલાલ | ગારિયાધાર | ૨૧) | એક મુમુક્ષ બહેન | " |
| ૨૫) | મગનલાલ સુંદરજી | સોનગઢ | ૧૦૧) | ચીમનલાલ હિંમતલાલ શાહ (વાસ્તુ પ્રસંગે) | " |
| ૧૧) | મગનલાલ તલકશી | સુરેન્દ્રનગર | ૫૧) | મુકુન્દભાઈ એમ. ખારાના સુપુત્રો (સ. નં. ૫૦૨–૫૦૬) | " |
| ૨૫) | ચંપાબેન તલસાણીઆ | રાજકોટ | ૨૫) | ચીમનલાલ ઠાકરશી મોદી (વાસ્તુ પ્રસંગે) | " |
| ૬) | શૈલાલિની ચંદ્રકાન્ત મહેતા (સભ્ય નં. ૨૭૭) | રાજકોટ | ૨૫) | એક મુમુક્ષુ બેન (હા. તારાબેન) | ઘાટકોપર |
| ૧૯) | શાંતિલાલ ઠાકરશી (મૂળીવાળા) | ઘાટકોપર | ૧૦૦) | પં. ઇન્દ્રચન્દજી લીલ્લહા | રામગઢ |
| ૨૭) | એક ભાઈ હા. ભારતીકુમારી મનહરલાલ (સ. નં. ૨૭) | બેંગલોર | ૨૫) | ઉમેદલાલ ગોકળદાસ | રાજકોટ |
| ૬) | પં. બંસીધરજી શાસ્ત્રી | ચોમૂ | | | |

* * * * *

* * *

# સર્વાર્થસિદ્ધિના દેવોની ચર્ચા

પૂ. ગુરુદેવના જન્મોત્સવ પ્રસંગે ભજવાયેલા એક નાટકમાં સર્વાર્થસિદ્ધિ દેવો પરસ્પર ધર્મચર્ચા કરે છે એવું દ્રશ્ય આવ્યું હતું. તે પ્રસંગની સર્વાર્થસિદ્ધિ દેવોની ચર્ચા અહીં આપી છે. (સં.)

**પહેલા દેવઃ-** અહો, દેવો આપણે સૌ ભાગ્યશાળી છીએ, આપણા ભવનો કિનારો નજીક આવી ગયો છે.

**બીજા દેવઃ-** હા, આપણે સર્વાર્થસિદ્ધિના બધા જ દેવો હવે છેલ્લો મનુષ્યઅવતાર ધારણ કરીને મોક્ષ પામશું.

**ત્રીજાદેવઃ-** અહા, અહીં આપણા સર્વાર્થસિદ્ધિ–વિમાનમાં બધા જ જીવો સાધક છે, બધા જ જીવો સ્વરૂપના આરાધક છે. અહીં તો જાણે આરાધક જીવોનો મેળો ભેગો થયો છે.

**ચોથા દેવઃ-** વાહ, આપણા વિમાનમાં કોઈ મિથ્યાદ્રષ્ટિ તો નહિ ને એક કરતાં વધારે ભવ પણ કોઈને નહિ.

**પાંચમા દેવઃ-** હા, આપણે તો સિદ્ધલોકના પાડોશી છીએ. જેમ સિદ્ધલોક અહિંથી થોડે જ દૂર છે તેમ આપણી સિદ્ધદશા પણ થોડીક જ દૂર છે.

**છઠ્ઠા દેવઃ-** આપણે બધાય દેવોએ પહેલાંના ભવમાં મુનિમાર્ગ જોયેલો છે. પૂર્વભવે આપણે સૌ ચૈતન્યના નિર્વિકલ્પ અનુભવરૂપ મુનિદશામાં ઝુલતા હતા. એ સાધના જરાક અધૂરી રહી ગઈ એટલે આ એક અવતાર થયો.

**સાતમા દેવઃ-** પહેલાંના ભવમાં આપણામાં કોઈ છઠ્ઠા–સાતમા ગુણસ્થાને હતાં અને કોઈ આઠમા, નવમા, દસમા, કે અગિયારમા ગુણસ્થાને પણ હતાં.

**આઠમા દેવઃ-** અને હવે મનુષ્ય થઈને ફરી મુનિદશા અંગીકાર કરશું ને ચૈતન્યદશામાં ઝૂલતાં ઝૂલતાં મોક્ષદશાને સાધશું.

**પહેલા દેવઃ-** આપણામાંથી કેટલાક જીવો તો અહીંથી નીકળીને તીર્થંકર થવાના છે; કોઈ વિદેહમાં, કોઈ ભરતમાં અને કોઈ ઐરાવતમાં થશે, કોઈ જંબુદ્વીપમાં, કોઈ ધાતકીખંડ દ્વીપમાં અને કોઈ પુષ્કરદ્વીપમાં તીર્થંકર થશે.

**બીજા દેવઃ-** આપણે બધાય અવધિજ્ઞાનના ધારક છીએ. મનુષ્યલોકમાં બનતા મહાન મંગલ પ્રસંગો આપણે અહીં બેઠા બેઠા જાણીએ છીએ.

**ત્રીજા દેવઃ-** તેત્રીસ સાગરનું અસંખ્ય વર્ષનું આપણું આયુષ્ય તો મુખ્યપણે સ્વાનુભવની તત્ત્વચર્ચામાં જ વીતે છે.

**ચોથા દેવઃ-** અહો; ચૈતન્યની આરાધનામાં જીવન વીતે તે ધન્ય છે. સ્વાનુભવની ચર્ચા કરે છે તે પણ ધન્ય છે.

**પાંચમા દેવઃ-** ખરેખર મોક્ષમાર્ગ સ્વાનુભવમાં સમાય છે. જૈન શાસન સ્વાનુભવમાં સમાય છે. સુખ હોય તો તે સ્વાનુભવમાં જ છે.

**છઠ્ઠા દેવઃ-** એ મનુષ્ય અવતાર ધન્ય છે કે જેમાં સ્વાનુભવની પૂર્ણતા કરીને મોક્ષને સાધીએ. અહા, એ સ્વાનુભવનો અતીન્દ્રિય આનંદ અદ્‌ભુત છે.

**સાતમા દેવઃ-** આપણે એ આનંદનો સ્વાદ ચાખ્યો છે. સમ્યગ્દર્શનનો એ મહાન પ્રતાપ છે કે જે આવો અતીન્દ્રિય આનંદ આપે છે. જગતમાં તે જીવો ધન્ય છે કે જેઓ સમ્યગ્દર્શના આરાધક છે.

**આઠમા દેવઃ-** મનુષ્યલોકમાં એવા સમક્‌ત્વધારી સંતો અવારનવાર થતા જ આવે છે અને મનુષ્યલોકમાં અઢીદ્વીપને પાવન કરે છે.

## અંગ્રજી અક્ષરોને
## ગુજરાતીમાં વાંચો

* Cદ્ધપ્રભુ Jવા આનંદરસને PO.
* J કોઈ Cદ્ધ થયા છે તેO ભેદVજ્ઞાનથી જ થયા છે.
* ભેદVજ્ઞાન Vના Kવળજ્ઞાન Kમ થાય ?
* મહાVર પ્રભુG મોક્ષમાં BરાJ છે.
* VદેહવાC Cમંધર Gનને Aક લાખ વંદન.

- જય Gનેન્દ્ર

# ધર્મીની રુચિના રંગ આત્મામાં લાગ્યા છે.

**આત્માને ઇષ્ટરૂપ એવા આનંદની પ્રાપ્તિ માટે મુમુક્ષુ જીવ કેવો ઉદ્યમ કરે છે? ને તેને આત્માનો કેવો રંગ લાગ્યો છે, -તેનું પ્રેરક આ પ્રવચન વારંવાર મનનીય છે કે જેથી આત્માને ચૈતન્યરુચિના રંગ લાગે ને રાગાદિના બીજા કોઈ રંગ લાગે નહિ.**

ઇષ્ટ એટલે આત્માનું હિત, આત્માના આનંદની પ્રાપ્તિ; તેનો આ ઉપદેશ છે. કયા પ્રકારે આત્માના આનંદનો અનુભવ થાય તેની આ વાત છે.

જે જીવ અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્માનો અભિલાષી થયો છે ને ભવદુઃખના કલેશથી થાક્યો છે તે જીવ આનંદની પ્રાપ્તિ માટે શું કરે? કે એકાન્તસ્થાનમાં રહીને, લોકસંસર્ગથી દૂર અને લોકસંબંધી અભિલાષાથી દૂર પોતાના આનંદસ્વરૂપને ચિન્તવે છે. આનંદસ્વરૂપ આત્મા હું છું-એમ દ્રઢ પ્રતીતિ વડે આત્માને સ્વવિષયરૂપ બનાવે; શ્રદ્ધાને-જ્ઞાનને આત્મા તરફ ઝુકાવે. -મારી ચીજ પરમાં નથી, પરનો અંશ મારામાં નથી; વિકલ્પ પણ મારું કાર્ય નથી હું તો જ્ઞાન ને આનંદનો પિંડ છું-આવા સ્વભાવની ભાવનામાં તત્પર જ્ઞાની-સન્તો બહારના કાર્યોને પોતાના હૃદયમાં લાંબો કાળ રહેવા દેતા નથી; સ્વભાવના રસ આડે બીજા બધા કાર્યોનો રસ એને ઉડી ગયો છે એટલે તેમાં પરિણામનું જોર નથી. પરિણામનું જોર સ્વભાવ તરફ ઝુકે છે. પોતાના શુદ્ધ આત્મા સિવાય બીજું કાંઈ ધર્મીની રુચિમાં વસ્યું નથી. એને આત્મા સિવાય બીજા કાર્યોનો રંગ ઊડી ગયો છે, તેનો રસ તેને રહ્યો નથી.

ભાઈ, રુચિના રંગની એવી છાપ આત્મામાં પાડ કે રાગાદિ બીજા કોઈ રંગ એમાં લાગે નહિ; ચૈતન્યરુચિના રંગ લાગે તે કદી છૂટે નહિ. અતીન્દ્રિય આનંદના સ્વાદની પ્રીતિ આડે જગતના સ્વાદ બધા નીરસ લાગે છે. લગની પોતાના આત્માની લાગી છે ત્યાં બીજા શેમાંય પરિણામની લીનતા થતી નથી. -આવી પરિણતિ ધર્મીને સદાય ક્ષણે ને પળે વર્ત્યા જ કરે છે. વનમાં હો કે ઘરમાં, પણ ધર્મીની પરિણતિનો રંગ આત્મામાં લાગેલો છે, એની પરિણતિ ભોજનાદિમાં જવા છતાં તેને ભોજનાદિનો રંગ નથી, એટલે ખરેખર તેમાં તેની પરિણતિ લાગેલી નથી. તે વખતે ચૈતન્યસ્વભાવના રંગથી જ તેની પરિણતિ રંગાયેલી છે, રાગના રંગે તે રંગાયેલી નથી.

ધર્મીને પોતાના શુદ્ધ આત્માનું ધ્યાન તે એક જ ઇષ્ટ છે, એ સિવાય બીજામાં અંશમાત્ર પરિણતિ જાય તે ઇષ્ટ નથી, વહાલું નથી, સુખકર નથી. સુખનો સમુદ્ર જ્યાં ભર્યો છે તેમાં ઉપયોગને સ્થિર કરવો તે જ મોક્ષનો ને સુખનો માર્ગ છે. સાધકપણામાં વચ્ચે બીજા વિકલ્પો હોય તેને ધર્મી ઇષ્ટ નથી માનતા, તેને મોક્ષનો ઉપાય નથી માનતા. જેમાં આનંદનું વેદન થાય તે જ ઇષ્ટ છે, આનંદનું જેમાં વેદન ન થાય ને આકુળતાનું વેદનથાય–તે ધર્મીને ઇષ્ટ કેમ હોય? પરમાર્થ ધ્યાન–સ્વાધ્યાય–આવશ્યકક્રિયા –પ્રતિક્રમણાદિ–મંગલ–શરણ વગેરે બધા શુદ્ધનયથી આત્મધ્યાનમાં જ સમાય છે.

અહો, જેની સન્મુખ જોતાં મોક્ષના સાધનની ઉત્પત્તિ થાય, ને જેની વિમુખ જોતાં બંધના કારણની ઉત્પત્તિ થાય–એવું આ ચૈતન્ય તત્ત્વ તે જ ધર્મીનું ધ્યેય છે, તેનું ધ્યાન એ જ સર્વ શાસ્ત્રનો સાર છે. આમાં નિશ્ચય–વ્યવહાર ને ઉપાદાન–નિમિત્ત વગેરે બધાના ખુલાસા સમાઈ ગયા. શુદ્ધાત્માની સન્મુખતા વડે મોક્ષમાર્ગની પ્રાપ્તિનો અબાધિત નિયમ છે, એટલે શુદ્ધાત્માની સન્મુખ થવાનો ઉપદેશ તે જ ઇષ્ટ–ઉપદેશ છે. જેણે અંતર્મુખ થઈને શુદ્ધાત્માનું ગ્રહણ કર્યું તેણે સંતોના ઉપદેશમાંથી ઇષ્ટનું ગ્રહણ કર્યું.

ભાઈ, ઉપદેશમાંથી તું તારા શુદ્ધ આત્માને શોધજે ને તેને જ ઇષ્ટપણે–વહાલો કરીને ગ્રહણ કરજે. બીજા કોઈ ભાવોને ન ગણીશ. મારું હિત શેમાં છે–તે નક્કી કરીને અંતરમાં શુદ્ધાત્માના ધ્યાન વડે તેવો હિતભાવ (–સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર) પ્રગટ કરજે, ને પરભાવોનો પ્રેમ છોડજે. તારે તારો આનંદ પ્રાપ્ત કરવો છે ને? તો તે આનંદ જ્યાં ભર્યો છે ત્યાં જા.....જે આનંદનું ધામ છે તેને તું ધ્યાનમાં લે. –એના સિવાય આખા જગતની રુચિના રંગને છોડ. ધર્મીને રુચિમાં આત્માના રંગ લાગ્યા છે; તે રંગ ચડયો તેમાં હવે ભંગ પડે નહિ એટલે બીજા રાગના રંગ લાગે નહિ. આવો ચૈતન્યનો રંગ લાગે તે જ આત્માનું ઇષ્ટ છે, ને તે જ 'ઇષ્ટ ઉપદેશ' નો સાર છે. આવા આત્માનો રંગ લગાડીને તેનું ધ્યાન કરતાં પરમ આનંદરૂપ મોક્ષલક્ષ્મી તારા હાથમાં આવી જશે.

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારુ ખરુ?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરિહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા,
તો સર્વ આત્મિકજ્ઞાનનાં સિદ્ધાંત તત્ત્વો અનુભવ્યા.




**વૈરાગ્ય સમાચાર:-** સોનગઢમાં જેઠ સુદ પૂર્ણિમાની રાત્રે ભાવનગરવાળા ચંદનબેન (ઉ. વર્ષ ૭૦ લગભગ) અકસ્માત સ્વર્ગવાસ પામી ગયા. પૂનમના દિવસે પ્રવચન–ભક્તિ વગેરે બધા કાર્યક્રમોમાં તો તેમણે ભાગ લીધો હતો, તથા સાધર્મી બહેનો સાથે રાતે દશ વાગ્યા સુધી તત્ત્વચર્ચા કરી હતી ને જ્ઞાન–વૈરાગ્યની ભાવનાઓ ભાવી હતી....પરંતુ રાતે સૂતા પછી સવારે જાગ્યા નહિ, વચ્ચે જ સ્વર્ગવાસ પામી ગયા. દૂધ દેનારે સવારે સાદ પાડયો ને જવાબ ન મળ્યો ત્યારે તો એની ખબર પડી! જુઓ, આ જીવનની ક્ષણભંગુરતાના ખેલ! સાંજે સૂતો તે સવારે જીવતો જાગશે કે કેમ તેનોય જ્યાં ભરોસો નથી–ત્યાં પ્રમાદમાં જીવનની એક ક્ષણ પણ વેડફી નાંખવાનું મુમુક્ષુને કેમ પાલવે? શ્રી ચંદનબેન તત્ત્વના જિજ્ઞાસુ હતા તથા પૂ. ગુરુદેવ પ્રત્યે તેમજ પૂ. બેનશ્રીબેન પ્રત્યે ભક્તિની ઘણી લાગણી ધરાવતા હતા. છેલ્લા ત્રીસેક વર્ષથી સોનગઢમાં રહીને સત્સંગનો લાભ લેતા હતા. સત્સંગની ભાવના અને ભક્તિના બળે આગળ વધીને તેઓ આત્મહિત સાધે એમ ઈચ્છીએ છીએ.

જેઠ સુદ પૂનમે શેઠશ્રી ચીમનલાલ હિંમતલાલના ઘરનું વાસ્તુ હતું, તથા જેઠ વદ ત્રીજે ભાઈશ્રી ચીમનલાલ ઠાકરશી મોદી (અને ભાઈઓ) ના ઘરનું વાસ્તુ થયું હતું.

સવારના પ્રવચનમાં પૂજ્યપાદ સ્વામી રચિત ઇષ્ટોપદેશ વંચાતું હતું તે જેઠ વદ બીજના રોજ (પ૬ પ્રવચનદ્વારા) સમાપ્ત થયું છે. ને જેઠ વદ ત્રીજથી યોગીન્દુદેવ રચિત યોગસાર ઉપર પ્રવચનો શરૂ થયા છે. બપોરના પ્રવચનમાં નિયમસાર વંચાય છે.

## અષાઢ માસના મંગલ દિવસો

(પૂજાસંગ્રહના આધારે)

સુદ ૬ વર્ધમાન–ગર્ભકલ્યાણક (વૈશાલી–કુંડગ્રામ)
સુદ ૭ નેમિનાથ–મોક્ષકલ્યાણક (ગીરનાર)
વદ ૧ વીરશાસનપ્રર્વતન (દિવ્યધ્વનિ દિન) (રાજગૃહી)
વદ ૨ મુનિસુવ્રત–ગર્ભકલ્યાણક (રાજગૃહી)
વદ ૧૦ કુંથુનાથ–ગર્ભકલ્યાણક (હસ્તિનાપુર)

(શ્રાવણમાસનો શિક્ષણવર્ગ બીજા શ્રાવણમાં રાખવામાં આવશે.)

# આત્માની ધૂન

શ્રીમદ્ રાજચંદ્રજીના અંતરમાં સહજ શુદ્ધ આત્માની કેવી ધૂન ચાલતી હશે....! તેમણે હાથનોંધમાં નીચેના દશ બોલ દ્વારા આત્માની લગની વ્યક્ત કરી છે, તે ઉપરથી તેમના અંતરની ધૂનનો જિજ્ઞાસુને ખ્યાલ આવશે.–

* એકાંત આત્મવૃત્તિ
* એકાંત આત્મા.
* કેવળ એક આત્મા.
* કેવળ એક આત્મા જ.
* કેવળ માત્ર આત્મા.
* કેવળ માત્ર આત્મા જ.
* આત્મા જ.
* શુદ્ધાત્મા જ.
* સહજાત્મા જ.
* નિર્વિકલ્પશબ્દાતીત સહજસ્વરૂપ આત્મા જ.

(આત્મામાં અંતર્મુખવૃત્તિ તરફ તેમના પરિણામનું કેટલું જોર છે તે આમાં દેખાય છે)

શ્રીમદ્ રાજચંદ્ર એક હાથનોંધમાં લખે છે કેઃ–

**જાગૃત સત્તા.**

**જ્ઞાયક સત્તા.**

**આત્મસ્વરૂપ.**

(આટલા ટૂંકા લખાણમાં પણ કેટલા બધા ભાવો ભરી દીધા છે!! આત્માનો અગાધ મહિમા પાંચ શબ્દોમાં ભરી દીધો છે.)

અહો! સર્વોત્કૃષ્ટ શાંતરસમય સન્માર્ગઃ–

અહો! તે સર્વોત્કૃષ્ટ શાંતરસપ્રધાન માર્ગના મૂળ સર્વજ્ઞદેવઃ–

અહો! તે સર્વોત્કૃષ્ટ શાંતરસ સુપ્રતીત કરાવ્યો એવા પરમકૃપાળુ સદ્ગુરુદેવ! આ વિશ્વમાં સર્વકાળ તમે જયવંત વર્તો જયવંત વર્તો.

# સન્ત પ્રત્યે....

ઘણા વર્ષ જુની ‘ફૂલછાબ’ ની એક કાપલી અચાનક હાથમાં આવી –જેમાં એક કાવ્ય હતું. મુમુક્ષુજીવન સન્તને પોતાના જીવનનો આધાર માનીને તેમના પ્રત્યે આ કાવ્યદ્વારા પોતાની જે ઊર્મિ વ્યક્ત કરે છે તે ગમી, તેથી અહીં આભાર સાથે પ્રગટ કરી છે. સં.

હે સન્ત મારા, જીવનના આધાર છો.
તમે તો મારા પ્રેમી પ્રાણાધાર છો.
હે સંત મારા, જીવનના આધાર છો.

તારી કૃપાથી મારું જીવન આનંદ ચાલે,
તારી આશિષે એનાં ફૂલડાં ઊગે ને ફાલે;
દૈવી કો દાતાર છો, હે સન્ત મારા.

જીવનના રણમાં ન્યારી વનસ્થળી છે તમારી;
તાપે તપેલું હૈયું છાયા પામે છે ભારી;
અમૃતના આગાર છો, હે સન્ત મારા.

તમે છો પિતા ને માતા, સખો તમે સ્નેહી,
પ્રાણ તેમ જીવન ને દેહ વળી દેહી;
સંસારના એક સાર છો, હે સન્ત મારા.

કૃપાની અખંડ વર્ષા વરસી રહેજો પ્રેમે,
અમારા વિના રહેજો વિખૂટા કદી ના કેમે,
પ્રેમીના હૈયાના હાર છો, હે સન્ત મારા.

卐 卐 卐

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ- અનંતરાય હરિલાલ શેઠઃ આનંદ પ્રિન્ટીંગઃ ભાવનગર